dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 260 | AD - 2026, Jeth Sud -12 | Friday, Dt. 26-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ૭.૨ અને ૭.૫ તીવ્રતાના સતત બે ભૂકંપથી લોકોમાં ભયનો માહોલ, મૃત્યુઆંક વધે તેવી સંભાવના

# વેનેઝુએલામાં વિનાશક ભૂકંપથી હજારોના મોતની આશંકા

નવી દિલ્હી,તા.૨૫

વેનેઝુએલામાં આવેલા બે શક્તિશાળી ભૂકંપના આંચકાઓએ સમગ્ર દેશમાં ભારે દહેશત ફેલાવી છે. બુધવારે સાંજે સતત બે મિનિટથી પણ ઓછા સમયના અંતરે આવેલા ૭.૨ અને ૭.૫ તીવ્રતાના ભૂકંપે અનેક શહેરોમાં ભારે નુકસાન સર્જ્યું છે. પ્રાથમિક અહેવાલો મુજબ અત્યાર સુધી હજારો લોકોના મોત નિપજ્યા હોવાનું સામે આવ્યું છે, જ્યારે સેંકડો લોકો ઈજાગ્રસ્ત થયા છે. ભૂકંપ બાદ સતત આફ્ટરશોક નોંધાતા લોકોમાં હજુ પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ભૂકંપના બંને કેન્દ્ર રાજધાની કરાકસથી આશરે ૨૯૦ કિલોમીટર પશ્ચિમ તરફ નોંધાયા હતા. આંચકાની અસર રાજધાની સહિત દેશના અનેક વિસ્તારોમાં અનુભવાઈ હતી. ઘણી ઈમારતોમાં તિરાડો પડી ગઈ હતી, જ્યારે કેટલીક જગ્યાએ મકાનો અને અન્ય માળખાંને નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિક અહેવાલો મુજબ કરાકસના મુખ્ય હવાઈ મથકની છતનો એક ભાગ પણ ધરાશાયી થયો હતો. ભૂકંપ એવા દિવસે આવ્યો હતો જ્યારે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય રજાની ઉજવણી થઈ રહી હતી. સ્વતંત્રતા સંગ્રામમાં ઐતિહાસિક વિજયની વર્ષગાંઠ નિમિત્તે શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી કચેરીઓ બંધ હોવાથી મોટાભાગના લોકો પોતાના ઘરોમાં હાજર હતા. આ કારણસર અનેક વિસ્તારોમાં લોકો સીધા જ ભૂકંપની અસર હેઠળ આવ્યા હતા. ભૂકંપ બાદ કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝે સમગ્ર



દેશમાં રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી હતી. બચાવ અને રાહત કામગીરી માટે વિવિધ વિભાગોને તાત્કાલિક કાર્યરત કરવામાં આવ્યા છે. જોકે સરકાર તરફથી હજુ સુધી મૃત્યુ અને નુકસાન અંગે કોઈ અંતિમ સત્તાવાર આંકડા જાહેર કરવામાં આવ્યા નથી. નિષ્ણાતોના જણાવ્યા મુજબ ભૂકંપની તીવ્રતા ઉપરાંત તેની ઊંડાઈ અને વસ્તીવાળા વિસ્તારોની નજીકનું સ્થાન પણ નુકસાનની માત્રા નક્કી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જો ભૂકંપનું કેન્દ્ર વધુ ઊંડાણમાં હોય તો સપાટી સુધી પહોંચતા તેની અસર ઓછી થઈ શકે છે, જ્યારે ઓછી ઊંડાઈએ આવેલા ભૂકંપથી ભારે જાનમાલનું નુકસાન થવાની શક્યતા રહેતી હોય છે. ભૂકંપ બાદ રાજધાની કરાકસ સહિત અનેક શહેરોમાં લોકો આખી રાત ખુલ્લામાં રહેવા મજબૂર બન્યા હતા. હજારો નાગરિકોએ પોતાના પરિવારજનો સાથે રસ્તાઓ, બગીચાઓ અને ખુલ્લા મેદાનોમાં આશરો લીધો હતો. સતત અનુભવાતા આફ્ટરશોક અને ક્ષતિગ્રસ્ત ઈમારતો ધરાશાયી થવાની ભીતિને કારણે લોકો પોતાના ઘરોમાં પરત ફરવા તૈયાર નહોતા. ઘણા પરિવારો પોતાના બાળકો અને જરૂરી સામાન સાથે ખુલ્લા વિસ્તારોમાં રોકાયા હતા. વહીવટી તંત્ર દ્વારા લોકોને ક્ષતિગ્રસ્ત ઈમારતોથી દૂર રહેવા અને સલામતી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે. બચાવ દળો દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

ભૂકંપની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે દેશભરની શાળાઓ હાલ પૂરતી બંધ રાખવાનો નિર્ણય લીધો છે. શિક્ષણ વિભાગે જણાવ્યું છે કે અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક આશ્રય આપવા માટે કેટલીક શાળાઓને રાહત શિબિરો તરીકે ઉપયોગમાં લેવામાં આવશે. રાહત અને પુનર્વસન કામગીરી ઝડપથી આગળ વધે તે માટે સરકારી તંત્ર સતત કાર્યરત છે.

# ડાયાબિટીસ, સ્કીન સહિત ૧૬ પ્રકારની દવાઓમાં મિશ્રણને લઈ કેન્દ્ર સરકારે મુક્યો પ્રતિબંધ

નવી દિલ્હી,તા.૨૫

કેન્દ્ર સરકાર દ્વારા બે કે તેથી વધુ દવાઓના ઘટકો ભેળવીને બનાવવામાં આવતી ૧૬ પ્રકારની દવાઓ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ દવાઓના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર તાત્કાલિક અસરથી રોક લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સર્વોચ્ચ અદાલતના આદેશ બાદ આરોગ્ય મંત્રાલયે આ કાર્યવાહી હાથ ધરી છે. પ્રતિબંધિત દવાઓમાં દુખાવો, તાવ, સોજો, ચામડીની સંભાળ, ડાયાબિટીસ અને ચેપની સારવારમાં ઉપયોગમાં લેવાતી કેટલીક દવાઓનો સમાવેશ થાય છે.નિષ્ણાત સમિતિએ કરેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે આ દવાઓના કેટલાક મિશ્રણો દર્દીઓને કોઈ ખાસ લાભ આપતા નથી. તેના બદલે શરીર પર આડઅસર થવાની શક્યતા વધી જાય છે. સમિતિના અભ્યાસ મુજબ આવી દવાઓના ઉપયોગથી સારવારનો ખર્ચ પણ વધે છે અને દર્દીઓને બિનજરૂરી જોખમનો સામનો કરવો પડે છે. ચામડી સંબંધિત કેટલીક દવાઓમાં વિવિધ કુદરતી તત્વો અને પોષક ઘટકો ભેગા કરીને બનાવવામાં આવેલા મિશ્રણો પણ પ્રતિબંધિત યાદીમાં સામેલ છે.

## બેસણું



**સ્વ. વિઠ્ઠલભાઈ મોહનભાઈ ધાનાણી** (ઉ.વ. ૯૫)
સ્વ. તા. ૨૫-૬-૨૦૨૬ જેઠ સુદ ૧૧ ને ગુરૂવાર

દિલગીરી સાથ જણાવવાનું કે,
અમારા પિતાશ્રીનું દુઃખદ અવસાન થયેલ છે.
પ્રભુને ગમ્યુ તે ખરૂ પરમ કૃપાળુ પરમાત્મા
સદ્‌ગત આત્માને શાંતિ આપે તે જ પ્રાર્થના...

**જાત્રોડા - બેસણું**
તારીખ : ૨૬-૬-૨૦૨૬ ને શુક્રવાર
સમય : રાત્રે ૮ થી ૧૦ સુધી.
સ્થળ : અમારા નિવાસ સ્થાને, જાત્રોડા.

**અમરેલી - બેસણું**
તારીખ : ૨૭-૬-૨૦૨૬ ને શનિવાર
સમય : સવારે ૮ થી સાંજના ૬ સુધી.
સ્થળ : અમારા નિવાસ સ્થાને, સુખનાથપરા,
ડો. પિયુષગોસાઈ સાહેબની હોસ્પીટલ પાછળ, અમરેલી.

લી.
ભુપતભાઈ વિઠ્ઠલભાઈ ધાનાણી - ૯૮૯૮૩ ૫૨૩૭૦
હિમાંશુભાઈ મનુભાઈ ધાનાણી - ૯૧૦૬૩ ૭૦૨૬૭
બિમલભાઈ મનુભાઈ ધાનાણી - ૯૮૨૫૨ ૭૨૦૩૪
મનિષભાઈ ધીરૂભાઈ ધાનાણી - ૯૪૨૮૬ ૧૫૩૧૩
ડો. કેતનભાઈ ધીરૂભાઈ ધાનાણી - ૯૦૬૭૧ ૭૨૯૮૭

# મુંબઈમાં યોજાયેલી MVAની બેઠકમાં ધારાસભ્યોની સૂચક ગેરહાજરી



મુંબઈ, તા. ૨૫

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર હલચલ તેજ બની છે. મહાવિકાસ અઘાડીની એકતા દર્શાવવા માટે મુંબઈમાં યોજાયેલી બેઠકમાં અનેક અગ્રણીઓ અને ધારાસભ્યો ગેરહાજર રહેતા રાજકીય વર્તુળોમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે. ગઠબંધનના કુલ ૬૦ ધારાસભ્યોમાંથી માત્ર ૩૭ ધારાસભ્યો બેઠકમાં હાજર રહ્યા હતા, જ્યારે બાકીના સભ્યો ગેરહાજર રહ્યા હતા.બેઠકમાં ઉદ્ધવ ઠાકરે, હર્ષવર્ધન તથા શશીકાંત શિંદે સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. જોકે કેટલાક મહત્વના નેતાઓની ગેરહાજરીએ અનેક સવાલો ઉભા કર્યા છે. બેઠકનો મુખ્ય હેતુ ગઠબંધનની એકતા અને મજબૂતીનો સંદેશ આપવાનો હતો, પરંતુ ઓછી હાજરીને કારણે રાજકીય ચર્ચાઓને વેગ મળ્યો છે.આ દરમિયાન ઉદ્ધવ ઠાકરેએ કાર્યકરો અને નેતાઓને સંગઠન મજબૂત રાખવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે જે લોકો સાથે છે તેમને એકજૂટ રાખવા પર વધુ ધ્યાન આપવાની જરૂર છે.






# ક્રૂડ તેલના ભાવમાં કડાકો આવતા ઈંધણના ભાવ સસ્તા થવાની આશા

નવી દિલ્હી તા ૨૫

અમેરિકા ઈરાન વચ્ચેનુ લડાઇ પુરૂ થવા સાથે હોર્મુઝની ખાડી ખુલી જતા મહિનાઓથી ફસાયેલા વહાણો લાઈનબંધ બહાર નીકળવા લાગ્યા છે જેના કારણે કાચા તેલમાં મોટો ઘટાડો થયો કાચા તેલના ભાવ લડાઇ પહેલાના સ્તરે આવી ગયા છે ચારેય બાજુથી તેલની સપ્લાય વધવા લાગતા ભાવ હજુ પણ ઘટવાની પુરેપુરી સંભાવના છે આ મંદીના કારણે ભારતને પણ મોટી રાહત થવાના સંજોગો વચ્ચે પેટ્રોલ ડિઝલમાં ભાવ



ઘટાડાની મોટી આશા બંધાઈ છે ઈન્ટ્રાડે વેપાર દરમિયાન વૈશ્વિક સ્તરે બ્રેન્ટ તેલનો ભાવ તૂટીને ૭૦ ડોલર પ્રતિ બેરલની નીચે પણ ગયો હતો હાલમાં તે ૦.૪૬ ટકાના ઘટાડા સાથે ૭૨.૫૮ ડોલર પ્રતિ બેરલ આ જ રીતે અમેરિકન કાચા તેલના ભાવમાં પણ મોટો કડાકો જોવા મળ્યો છે તે હાલ ૬૯.૯૫ ડોલર પર વેપાર થઈ રહ્યો છે આ મોટો ઘટાડો ઉપરાંત ઈરાન સંકટ શરૂ થયા બાદ તેલમાં આવેલી તમામ તેજી હવે પુરી થઈ ગઈ છે કાચા તેલના ભાવ તૂટવા પાછળનું મોટું કારણ આંતરરાષ્ટ્રીય તેલ બજારમાં ઈરાનની ફરીથી એન્ટ્રી છે આ ઉપરાંત હવે અમેરિકા અને ઈરાન વચ્ચે સમજૂતી થઈ ગઈ હોવાથી હોર્મુઝની ખાડીમાંથી મોટી સંખ્યામાં તેલ ટેન્કરો સુરક્ષિત રીતે પસાર થઈ રહ્યા છે.




‘ઘરના ડાકલા અને ઘરના ભુવા’ની જેમ સમિતિની રચના કરાઈ હતી

# બગસરા નગરપાલિકાની સમિતિઓની રચનાને લઈને વિરોધનો વંટોળ ઉઠ્યો

**નિયમો અવગણીને વરણી કરાઈ હોવાના આક્ષેપ, જિલ્લા સંગઠનનું કડક વલણ**

બગસરા,તા.૨૫

બગસરા નગરપાલિકાની પ્રથમ સામાન્ય સભામાં વિવિધ સમિતિઓની રચનાને લઈને વિવાદ ઉભો થયો છે. સમિતિઓની વરણી દરમિયાન નિયમો અને નક્કી કરાયેલા માપદંડોની અવગણના કરવામાં આવી હોવાના આક્ષેપો સામે આવ્યા છે. એક જ સભ્યને બે મહત્વના હોદ્દા આપવામાં આવ્યા હોવાની ચર્ચાએ રાજકીય માહોલ ગરમાવ્યો છે. આ મુદ્દે કેટલાક સભ્યોમાં પણ અસંતોષ જોવા મળી રહ્યો છે.મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જિલ્લા સ્તરે આ અંગે ચર્ચા શરૂ થઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ નિયમો મુજબ પ્રક્રિયા પૂર્ણ થાય તે અંગે સ્થાનિક આગેવાનોને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણીએ જણાવ્યું હતું કે સમિતિઓની રચના સંબંધિત જાહેરાત યોગ્ય પ્રક્રિયા બાદ જ કાયદેસર ગણાશે. હવે આગળ શું નિર્ણય લેવાય છે તેના પર સૌની નજર મંડાઈ છે.

# ગજેરા કેમ્પસ વિદ્યાસભામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી

અમરેલી,તા.૨૫



અમરેલી ખાતે ગજેરા કેમ્પસ વિદ્યાસભા સંચાલિત જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ-૧ અને ૨માં ૨૪ જૂન, ૨૦૨૬ના રોજ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ૫૫૦ જેટલા નવા વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાયો હતો. મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સરકારના નાણાં વિભાગના સચિવ સંદીપ કુમાર, તિજોરી અધિકારી સાગરભાઈ વાઘાણી, જિલ્લા નગર શિક્ષણ શાસન અધિકારી આશિષભાઈ જોષી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ સરસ્વતી પૂજન બાદ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી શાળામાં પ્રવેશ અપાવ્યો હતો. સિનિયર વિદ્યાર્થીઓએ મહેમાનોને શાળાની વિવિધ આધુનિક સુવિધાઓની મુલાકાત કરાવી હતી. સ્ટેજ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સ્વાગત ગીત અને સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી.

# દામનગર શહેરમાં મોહરમ પર્વ પૂર્વે પોલીસનું ફૂટ પેટ્રોલિંગ

દામનગર, તા.૨૫



આગામી મોહરમ પર્વને ધ્યાનમાં રાખી દામનગર શહેર પોલીસ દ્વારા ટાઉન વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ તહેવાર સામાજિક સૌહાર્દ, ભાઈચારા અને પરસ્પર એકતાના વાતાવરણમાં ઉજવાય તે હેતુથી પોલીસ દ્વારા મુખ્ય રાજમાર્ગો પર ધ્યાનાકર્ષક પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. પોલીસ કર્મચારીઓએ શહેરના વિવિધ વિસ્તારોમાં ઉપસ્થિત રહી નાગરિકોને શાંતિ અને સુલેહ જાળવવા અપીલ કરી હતી.

# ઝર પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી

ચલાલા,તા.૨૫



તસવીર : પ્રકાશ કારીયા

ધારી તાલુકાની ઝર પ્રાથમિક શાળામાં ગુજરાત સરકારના મહત્વપૂર્ણ કાર્યક્રમ ‘શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬’ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ઉપસ્થિત મહેમાનોનું શાળા પરિવાર દ્વારા ભગવદ્ ગીતા ભેટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આંગણવાડીના બાળકો તેમજ બાલવાટિકામાં પ્રવેશ મેળવનારા ૧૬ બાળકોને દફતર કીટ આપી શાળામાં પ્રવેશ અપાયો હતો. વિદ્યાર્થીઓએ ‘મારી શાળા’, ‘પર્યાવરણ બચાવો’ અને ‘બેટી બચાવો, બેટી વાંચાવો’ જેવા વિષયો પર અસરકારક વક્તવ્ય રજૂ કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. નાયબ વન સંરક્ષક વિકાસ યાદવ (IFS) સહિત ગામના આગેવાનો, સરપંચ, તાલુકા પંચાયતના સભ્યો, વાલીઓ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# લાઠીમાં નેઈલ આર્ટ અને રેઝિન આર્ટ તાલીમ વર્ગોનું આયોજન

લાઠી,તા.૨૫




લાઠીની શ્રીમતી નર્મદાબેન હરિલાલ સંઘવી કન્યા વિદ્યાલય ખાતે નેઈલ આર્ટ અને રેઝિન આર્ટના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. રેઝિન આર્ટ એક અનોખી અને સર્જનાત્મક કલા છે, જેમાં ઈપોક્સી રેઝિનનો ઉપયોગ કરીને આકર્ષક અને કલાત્મક કૃતિઓ તૈયાર કરવામાં આવે છે. **Binu Art** દ્વારા વિદ્યાર્થીઓને રેઝિન આર્ટની તાલીમ આપવામાં આવી હતી. આ કલા સર્જનાત્મકતા વિકસાવે છે તેમજ સ્વરોજગાર અને વ્યવસાયની નવી તકો ઊભી કરે છે.

# અમરેલીમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપના દિવસે ઠંડી છાશનું વિતરણ

અમરેલી,તા.૨૫



અમરેલી શહેરના જેસીંગપરા જગાતનાકા પાસે આવેલા વણઝારા વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તેમજ રાષ્ટ્રીય બજરંગ દળના સ્થાપના દિવસ નિમિત્તે ઠંડી છાશ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં પ્રાંત ઉપાધ્યક્ષ મનસુખભાઈ રૈયાણી, ઈન્ડિયા હેલ્થ લાઈનના પ્રાંત અધ્યક્ષ ડો. દેસાણી, રાષ્ટ્રીય મજદૂર પરિષદના પ્રાંત અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી, રાષ્ટ્રીય છાત્ર પરિષદના પ્રાંત મંત્રી મજબૂતસિંહ બસીયા, જિલ્લા મંત્રી મહેશભાઈ સોલંકી, વિભાગ અધ્યક્ષ દદુભાઈ ખાચર, કોસાધ્યક્ષ એમ.એમ. પટેલ, રાષ્ટ્રીય બજરંગ દળના જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ બામટા, શહેર મંત્રી ઉદયસિંહ રાજપૂત, જીગ્નેશભાઈ કયાડા, કેસરી હિન્દ સેનાના જિલ્લા અધ્યક્ષ હસુભાઈ દુધાત સહિત કાર્યકરો હાજર રહ્યા હતા.

# ગાવડકા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને સ્કુલ બેગ અને શુઝનું વિતરણ

અમરેલી,તા.૨૫



વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ અંતર્ગત ગાવડકા પ્રાથમિક શાળામાં શ્રમિક પરિવારના બાળકોને સ્કુલ બેગ અને સ્કૂલ શુઝનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓમાં નિયમિતતા અને સ્વચ્છતા અંગે જાગૃતિ આવે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંસ્થાના દાતાશ્રી મેહુલભાઈ દેસાઈ (હોન્ડા શો રૂમ) તથા બાંભલા સાહેબ (**RFO**)ના સહયોગ બદલ આભાર વ્યક્ત કરાયો હતો. કાર્યક્રમ આચાર્ય પિયુષભાઈ જોટાણીયા, સ્ટાફ અને સરપંચ બાલુભાઈ ટાંકની હાજરીમાં યોજાયો હતો.

# અમરેલીમાં શેરીમાં કચરો નાખવા મુદ્દે મહિલાઓ બાખડી

**સામસામી જાનથી મારી નાખવાની ધમકીની ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨૫

અમરેલીમાં શેરીમાં કચરો નાખવા મુદ્દે મહિલાઓ બાખડી હતી અને બંને પક્ષે સામસામી જાનથી મારી નાખવાની ફરિયાદ નોંધાવી હતી. ફરીદાબેન સબીરભાઈ વિસર (ઉ.વ. ૪૫)એ મહેબુબભાઈ બેલીમ, રાહીલભાઈ બેલીમ, સમીરાબેન બેલીમ તથા સુજાનબેન બેલીમ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ પોતાના રહેણાંક ઘરની બહાર શેરીમાં કચરો વાળતા હતા ત્યારે કચરો આરોપીની રીક્ષા ઉપર ઉડ્યો હતો. આ બાબત આરોપીઓને ગમી નહોતી અને તેમણે ફરીદાબેનને ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો તેમજ જમણા ગાલ ઉપર બે-ત્રણ મુક્કા માર્યા હતા. આ ઉપરાંત ગાળો આપી, ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેની સામે સુજાનબેન મહેબૂબભાઈ બેલીમ (ઉ.વ. ૨૧)એ ફરીદાબેન વિસર, સબીરભાઈ વિસર તથા ફેઝલભાઈ વિસર સામે વળતી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, આરોપીઓ તેમના રહેણાંક ઘરની પાસે કચરો નાખતા હતા. જેથી તેમણે તથા સાક્ષીએ કચરો નાખવાની ના પાડતા આરોપીઓને ખોટું લાગ્યું હતું અને ગાળો આપી, હાથમાં રહેલો સાવરણો જમણા કાંડાના ભાગે મારી, વાળ પકડીને ઢસડી હતી. આ ઉપરાંત ઢીકાપાટુનો મુંઢમાર મારી, ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. આર. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# મહોરમ નિમિત્તે સાવરકુંડલામાં જિલ્લા પોલીસ વડા દ્વારા સર્વ સમાજની બેઠક યોજાઈ

સાવરકુંડલા, તા. ૨૫



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા શહેરને સમગ્ર અમરેલી જિલ્લામાં સેન્સેટિવ માનવામાં આવે છે. ભૂતકાળમાં આ શહેરમાં કોમી તોફાનો થઈ ચૂક્યા છે, તેનું પુનરાવર્તન ન થાય તે માટે પોલીસ ઘણા સમયથી શાંતિ સમિતિની બેઠકમાં સ્થાનિક આગેવાનો અને પત્રકારો સાથે વાતચીત કરી જરૂરી સૂચનો તેમ જ સહકાર માગી રહી છે. આ મુદ્દે ખુદ જિલ્લા પોલીસ વડાએ હિન્દુ અને મુસ્લિમ સમાજના અગ્રણીઓ, વેપારીઓ સંસ્થાના આગેવાનો, વરિષ્ઠ નાગરિકો અને પત્રકારો સાથે વાતચીત કરીને જરૂરી સૂચનાઓ પણ આપી હતી. મહોરમ નિમિત્તે તાજીયાના રૂટ ઉપરથી સમયસર તાજીયા પસાર કરવા, સમય મર્યાદામાં કામ અને તહેવાર પૂર્ણ કરવો, શહેરમાં રસ્તાના કામ ચાલતા હોય ત્યાં ટ્રાફિક ન થાય તે બાબતે સહકાર આપવો, આ ઉપરાંત જો કોઈ અજાણી વ્યક્તિ આવે તો તેના ઉપર ખાસ ધ્યાન આપી તોફાન ન કરે તેની તકેદારી રાખવી તેવી સૂચનાઓ આપેલ છે.

માવજીંજવા ગામનો બનાવ

# ‘મારી પત્નીને તમે લઈ ગયા છો’ કહી તલવાર બતાવી જાનથી મારવાની ધમકી આપી

**ગાળો બોલી ધમાલ મચાવતા પોલીસ ફરિયાદ નોંધાઈ**


બગસરા, તા. ૨૫

બગસરાના માવજીંજવા ગામે ‘મારી પત્નીને તમે લઈ ગયા છો’ તેમ કહી તલવાર બતાવી, ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપ્યાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. આ બનાવ સંદર્ભે મીરાબેન જીગ્નેશગીરી ગોસાઈ (ઉ.વ. ૪૦)એ કુલદીપપરી જયસુખપરી ગોસાઈ સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેઓ પોતાના ઘરે હાજર હતા ત્યારે આરોપી ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો કે, “મારી પત્નીને તમે લઈ ગયા છો, મારી પત્નીને તમે પાછી લઈ આવો.” જેથી મીરાબેને કહ્યું કે, “તે પોતાની મરજીથી તેના ઘરે જતી રહી છે, તેમાં અમે શું કરીએ?” આ સાંભળી આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને હાથમાં તલવાર લઈને આવી જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યો હતો. આ ઉપરાંત તેણે જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આલકુભાઈ નજુભાઈ વાળા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.










# અમરેલીની ડી. એચ. કાબરીયા આર્ટ્સ મહિલા કોલેજનું B.A. સેમ-૩નું ૯૪% પરિણામ

**આસોદરીયા સંજના ૮૬.૩૬% સાથે પ્રથમ: ટ્રસ્ટ અને શૈક્ષણિક સંકુલ દ્વારા સ્ટાફ-વિદ્યાર્થીઓને અભિનંદન**

અમરેલી,તા.૨૫



અમરેલી સ્થિત ડી. એચ. કાબરીયા આર્ટ્સ મહિલા કોલેજનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નું B.A. (Soc) સેમેસ્ટર-III નું યુનિવર્સિટી પરિણામ જાહેર થયું છે. આ પરિણામમાં કોલેજે અદ્‌ભુત પ્રદર્શન કરતા ૯૪% પરિણામ સાથે ૧૦૦% ફર્સ્ટ ક્લાસ મેળવ્યો છે.કોલેજ કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીઓમાં આસોદરીયા સંજના જે. (૮૬.૩૬%) પ્રથમ, સાનેના ધ્રુવિ એસ. (૮૫.૨૭%) દ્વિતીય અને રાઠોડ ભુમિ એ. (૮૫.૨૭%) તૃતીય ક્રમે રહી છે. યુનિવર્સિટી પરીક્ષામાં આ શ્રેષ્ઠ સફળતા મેળવવા બદલ શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ અને અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા તમામ વિદ્યાર્થીનીઓ, રેન્કર્સ અને કોલેજના સ્ટાફને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# દામનગરમાં નમી ગયેલું વૃક્ષ બન્યું જોખમી ,શહેરીજનોમાં ભયનો માહોલ

**એટીએમ સામે વર્ષોથી લટકતું જોખમ, તંત્ર તાત્કાલિક કાર્યવાહી કરે તેવી માંગ**

દામનગર,તા.૨૫



દામનગર શહેરમાં બેંકના એટીએમ સામે આવેલું વર્ષો જૂનું વૃક્ષ નમી ગયેલી હાલતમાં હોવાથી સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે. આ વૃક્ષ જૂની દિવાલ અને જાહેર મૂતરડીની બાજુમાં આવેલું છે અને લાંબા સમયથી જોખમી સ્થિતિમાં ઉભું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ વૃક્ષ કોઈપણ સમયે ધરાશાયી થઈ શકે તેવી સ્થિતિમાં છે, જેના કારણે રાહદારીઓ, પશુઓ તેમજ આસપાસના લોકોને જાનમાલનું નુકસાન થવાની ભીતિ છે.

વિસ્તારમાં સતત અવરજવર રહેતી હોવાથી અકસ્માતની શક્યતા પણ વધી ગઈ છે. સ્થાનિકોએ નગરપાલિકા તંત્રને વહેલી તકે સ્થળનું નિરીક્ષણ કરીને જરૂરી કાર્યવાહી કરવા માંગ કરી છે. કોઈ અનિચ્છનીય ઘટના બને તે પહેલાં જોખમી વૃક્ષ દૂર કરવામાં આવે તેવી લોકમાગ ઉઠી છે.

# અમરેલી જિલ્લા બ્રહ્મ સમાજમાં બગસરાના બ્રહ્મ અગ્રણીઓની વરણી

બગસરા,તા.૨૫

સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજમાં વિવિધ હોદ્દાઓ પર થયેલી નવી વરણીઓથી સમાજમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના કારોબારી સભ્ય તેમજ અમરેલી જિલ્લા બ્રહ્મ સમાજના પ્રમુખ તરીકે તુષારભાઈ જોષીની વરણી કરવામાં આવી છે. તેમની નિમણૂકને બ્રહ્મ સમાજના આગેવાનો, પત્રકારો અને રાજકીય આગેવાનોએ આવકારી અભિનંદન પાઠવ્યા છે. આ ઉપરાંત બગસરાના વકીલ વેણીશંકરભાઈ ધાંધિયાની સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના કારોબારી ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. અમરેલી જિલ્લા યુવા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ તરીકે કનકભાઈ જાનીની પસંદગી કરવામાં આવી છે. તેમજ કમલેશભાઈ જોષીને અમરેલી જિલ્લા યુવા સમસ્ત બ્રહ્મ સમાજના ઉપપ્રમુખ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

# નવી હળીયાદ પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭નો પ્રવેશોત્સવ ઉજવાયો

નવી હળીયાદ,તા.૨૫


તસવીર : વી.કે.સાંગાણી

નવી હળીયાદ પ્રાથમિક શાળામાં નવા સત્રના વિદ્યાર્થીઓ માટે 'પ્રગતિનો પ્રવેશ ઉત્સવ' ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અધિકારી તરીકે ગાંધીનગરના સચિવ મયુરસિંહ એમ. વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે એસ.એમ.સી.ના અધ્યક્ષ અસ્મિતાબેન ગાજીપરા, સરપંચ અને વાલીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.કાર્યક્રમ દરમિયાન પૂર્વ આચાર્ય દ્વારા બાળકોને શૈક્ષણિક કીટ અપાઈ હતી અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું. મુખ્ય અધિકારીએ શાળાને 'સક્ષમ શાળા એવોર્ડ' અર્પણ કરી, સરકારી યોજનાઓની માહિતી આપી હતી અને શાળામાં વૃક્ષારોપણ કર્યું હતું. તેમણે શાળાની સ્વચ્છતા અને પર્યાવરણની પ્રશંસા કરી સ્ટાફને અભિનંદન આપ્યા હતા. અંતે, શાળાના શિક્ષકે આભારવિધિ કરી કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો અને સ્ટાફની જહેમતથી આ ઉત્સવ સફળ રહ્યો હતો.

# જાફરાબાદના ટીંબીથી વાકિયા તરફના રૂપેણ નદીના પટમાં ખનીજ ચોરી પકડાઈ

જાફરાબાદ,તા.૨૫


તસવીર : બાબુભાઈ વાઢેળ

જાફરાબાદના મામલતદાર એમબી લકુમ દ્વારા ૨૨ જુનના રોજ ટીંબીથી વાકિયા તરફના રૂપેણ નદીના પટમાં થઈ રહેલી ખનીજ ચોરી પકડાવામાં આવી હતી. મામલતદારની ટીમે ખનીજ ચોરી કરી રહેલ ઈસમો ઉપર ત્રાટકીને એક જેસીબ, એક ટ્રેક્ટર ટ્રોલી, ત્રણ બાઈક અને ત્રણ શંકાસ્પદ ઈસમોને ઝડપી પાડેલ હતા. પલાયન થયેલ વાહન ચાલકો અને માલિકોની શોધખોળ માટે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્ક્સ ખાતે રક્તદાન કેમ્પનું સફળ આયોજન

જાફરાબાદ,તા.૨૫

નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્ક્સ દ્વારા પ્લાન્ટ પ્રાંગણ અને નર્મદા સિમેન્ટ હાઉસિંગ કોલોની ખાતે નવકાર બ્લડ બેંક, મહુવાના સહયોગથી રક્તદાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનો પ્રારંભ યુનિટ હેડ રાજેશ આનંદ, એફએચ-ટી રાહુલ દેસાઈ, એફએચ એફ એન્ડ સી મનોજ બિરલા તથા વેજ બોર્ડના પ્રતિનિધિઓએ દીપ પ્રજ્વલન કરીને કર્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ રક્તદાનના મહત્વ અંગે માર્ગદર્શન આપીને સમાજસેવાની ભાવનાને પ્રોત્સાહન આપ્યું હતું. કેમ્પમાં પ્લાન્ટના અધિકારીઓ, કર્મચારીઓ, કોલોનીના રહેવાસીઓ તેમજ સ્થાનિક લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શ્રીમતી આરતી આનંદના માર્ગદર્શન હેઠળ કોલોનીના સભ્યોએ પણ સક્રિય સહભાગિતા નોંધાવી હતી. સમગ્ર કેમ્પ દરમિયાન કુલ ૧૧૫ યુનિટ રક્ત એકત્રિત થયું હતું. ડો. કિન્જલ ગજ્જર, ડો. સૌહમ પટેલ, ડો. જિજ્ઞાશા વાઝા તથા નવકાર બ્લડ બેંકની ટીમે વ્યવસ્થિત આયોજન કરી કેમ્પને સફળ બનાવ્યો હતો.

# હિરાવા પ્રા. શાળામાં બાળકોને શૈક્ષણિક કિટ વિતરણ અને સન્માન સમારોહ યોજાયો

ધારી,તા.૨૫



ધારી તાલુકાની હિરાવા પ્રાથમિક શાળામાં પ્રગતિનો પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ યોજાયો. આ પ્રસંગે ધારી તાલુકા પંચાયતના પ્રમુખશ્રી મહેશભાઈ સાવલિયા તથા જિલ્લા પંચાયત સભ્યશ્રી ઘનશ્યામભાઈ હિરપરાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મહાનુભાવોના હસ્તે નવપ્રવેશિત બાળકોને શૈક્ષણિક કિટ અર્પણ કરી પ્રવેશ આપવામાં આવ્યો હતો. સાથે જ શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહાનુભાવોએ બાળકો, વાલીઓ અને શાળા પરિવારને પ્રેરણાદાયી માર્ગદર્શન આપી ઉત્સાહિત કર્યા હતા.

# અમરેલી નિવાસી અધિક કલેક્ટરે ટીંબી ગામનું ગૌચર દબાણ દૂર કરવા યોગ્ય કાર્યવાહીના આદેશ આપ્યા

**નાયબ જિલ્લા વિકાસ અધિકારીને અરજદાર તથા કચેરીને જાણ કરવા સૂચના અપાઈ**

અમરેલી,તા. ૨૫

ગૌચર જમીન પરના ગેરકાયદેસર દબાણો સામે તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ટીંબી ગામમાં કેટલાક લોકો દ્વારા પાકા મકાનો, બાગ-બગીચા અને ખેતી કરીને ગૌચરની જમીન પર દબાણ કરાયું છે. આ દબાણ હટાવવા માટે અરજદાર ભાલાળા ઘનશ્યામભાઈ અને ગ્રામજનો તરફથી કરાયેલી રજૂઆત અરજી કલેક્ટર કચેરીને મળી હતી.આ મામલે સક્રિયતા દાખવીને અમરેલીના નિવાસી અધિક કલેક્ટરે નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસૂલ)ને નિયમાનુસાર યોગ્ય કાર્યવાહી કરવા આદેશ આપ્યો છે. આ સાથે જ, આ દબાણ વિરોધી કામગીરીની વિગતવાર જાણ કલેક્ટર કચેરી તેમજ સંબંધિત અરજદાર અને ગ્રામજનોને કરવા પણ જણાવાયું છે.

# ચલાલામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય ઉજવણી

ચલાલા,તા.૨૫



તસવીર : પ્રકાશ કારીયા

ચલાલા ખાતે અમરેલી જિલ્લા શિક્ષણ સમિતિ પ્રેરિત શ્રી એમ.કે. ચંદારાણા કન્યા વિદ્યાલય અને શ્રી દાનેવ પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૬-૨૭ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં અમરેલી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીર બાપુ ભગત અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટ્ય અને સામૂહિક પ્રાર્થના સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત આગેવાનો દ્વારા શિક્ષણના મહત્વ અને કન્યા શિક્ષણ અંગે પ્રેરણાદાયી સંબોધન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીની કાવ્યા કુભાવતે વૃક્ષોના મહત્વ અંગે અસરકારક વક્તવ્ય રજૂ કર્યું હતું.

# અમરેલીમાં બાળમજૂરી વિરોધી ઝુંબેશ હેઠળ ચાઈલ્ડ લેબર રેડ

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લામાં બાળ અને તરૂણ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ની અસરકારક અમલવારી માટે જિલ્લા ટાસ્ક ફોર્સ સમિતિ અને મદદનીશ શ્રમ આયુક્ત કચેરી દ્વારા સંયુક્ત ચાઈલ્ડ લેબર રેડ યોજવામાં આવી હતી. વિશ્વ બાળ મજૂર વિરોધી દિવસ નિમિત્તે હાથ ધરાયેલી આ ઝુંબેશ દરમિયાન અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારોની વિવિધ સંસ્થાઓમાં તપાસ કરવામાં આવી હતી. તપાસમાં અમૂલ ડેરી નજીક ચલાલા રોડ પર આવેલી 'અનંતા ધ ગાર્ડન રેસ્ટોરન્ટ'માં એક તરૂણ શ્રમયોગી ગેરકાયદેસર રીતે કામ કરતો મળી આવ્યો હતો. કાયદાના ભંગ બદલ સંબંધિત સંસ્થાને નોટિસ ફટકારવામાં આવી છે અને નિયમો મુજબ આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ અભિયાનમાં શ્રમ વિભાગ, પોલીસ, શિક્ષણ વિભાગ, બાળ સુરક્ષા એકમ અને ચાઈલ્ડ હેલ્પલાઈનના અધિકારીઓ જોડાયા હતા.













# બાબરાના વાંકીયા, ઈશ્વરીયા અને ગમા પીપળીયામાં ધારાસભ્ય જનક તળાવીયાની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

બાબરા,તા.૨૫

બાબરા તાલુકાના વાંકીયા, ઈશ્વરીયા અને ગમા પીપળીયા ગામોની પ્રાથમિક શાળાઓ ખાતે શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું તિલક કરી, ફૂલહાર પહેરાવી તેમજ શૈક્ષણિક



કિટ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, શિક્ષણ એ બાળકના જીવનનો મજબૂત પાયો છે. રાજ્ય સરકાર દ્વારા શિક્ષણના વ્યાપ અને ગુણવત્તામાં વધારો થાય તે માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી રહી છે. તેમણે વાલીઓને પોતાના બાળકોને નિયમિત શાળાએ મોકલવા તેમજ ખાસ કરીને દીકરીઓના શિક્ષણ પ્રત્યે જાગૃત રહેવા અનુરોધ કર્યો હતો. શિક્ષણ વિભાગના અધિકારીઓ અને શિક્ષકગણે શાળામાં ઉપલબ્ધ શૈક્ષણિક સુવિધાઓ, સરકારની વિવિધ વિદ્યાર્થીલક્ષી યોજનાઓ તેમજ શિક્ષણ ક્ષેત્રે થયેલા વિકાસકાર્યો અંગે માહિતી આપી હતી.

# અમરેલીની શાંતાબા હોસ્પિટલમાં અંડાશયના કેન્સરની અત્યંત જટિલ સર્જરી સફળતા પૂર્વક કરાઈ

અમરેલી, તા. ૨૫

અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ ખાતે અંડાશયના કેન્સર (Ovarian Cancer) થી પીડાતા દર્દી કાંતાબેન ચૌહાણની જટિલ સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી છે. ડૉ. કેતન ધાનાણીના નિદાન બાદ સર્જિકલ ઓન્કોલોજિસ્ટ ડૉ. નિકુંજ પટેલ, ડૉ. વીર



શાહ અને જનરલ સર્જન સહિતની ટીમે સંયુક્ત રીતે આ ઓપરેશન પાર પાડ્યું હતું. આ સમગ્ર સારવાર સરકારની આરોગ્ય યોજનાઓ હેઠળ તદ્દન નિઃશુલ્ક કરવામાં આવતા દર્દીના પરિવારને મોટી આર્થિક રાહત મળી છે.શાંતાબા કેન્સર કેર સેન્ટર ખાતે હવે મેડિકલ, સર્જિકલ અને રેડિએશન ઓન્કોલોજીના નિષ્ણાત ડૉક્ટરોની સંપૂર્ણ ટીમ એક જ છત નીચે ઉપલબ્ધ છે. અહીં કીમોથેરાપી, રેડિએશન અને અદ્યતન સર્જરી જેવી સુવિધાઓ મળતાં હવે અમરેલી અને આસપાસના વિસ્તારના કેન્સરના દર્દીઓને સારવાર માટે અમદાવાદ કે રાજકોટ જેવા મોટા શહેરો સુધી લાંબા થવું નહીં પડે.

# સાવરકુંડલામાં બીમારીથી કંટાળી પ્રૌઢે ગળાફાંસો ખાધો

**સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશને વધુ તપાસ હાથ ધરી**

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલામાં બીમારીથી કંટાળી એક પ્રૌઢે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ધીરુભાઈ ડાયાભાઈ ભેડા (ઉં.વ. ૫૨) એ પોલીસને જાહેર કર્યા મુજબ, તેમના ભાઈ મોહનભાઈ ડાયાભાઈ ભેડા (ઉં.વ. ૫૫) છેલ્લા પાંચેક વર્ષથી માનસિક તથા પેટની બીમારીથી પીડાતા હતા. આ બીમારીથી કંટાળી જઈને તેમણે ગળાફાંસો ખાઈ લીધો હતો, જેથી તેમનું મરણ નીપજ્યું હતું.

આ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશને વધુ તપાસ હાથ ધરી છે.

# ભીમ અગિયારસ પૂર્વે જિલ્લામાં ૫ સ્થળેથી ૩૧ જુગારી ઝડપાયા

**કુલ ૫૭,૯૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો**

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં ભીમ અગિયારસ પૂર્વે અલગ-અલગ ૫ સ્થળેથી પોલીસે દરોડા પાડીને ૩૧ જુગારીઓને ઝડપી લીધા હતા. પોલીસે તેમની પાસેથી કુલ રૂ. ૫૭,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.વિગતવાર જોઈએ તો, ધારીના ખીસરી ગામે મેઈન બજારમાંથી પોલીસે જાહેરમાં તીન પત્તીનો જુગાર રમતા ઈસમોને રોકડા રૂ. ૧૦,૬૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. રાજુલાના ચાંચ ગામે ખેતરપાળ દાદાના મંદિર પાસેથી ચાર લોકો સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા રોકડા રૂ. ૭,૧૦૦ સાથે પકડાયા હતા. લીલીયાના જૂની ધામત શેરી વિસ્તારના પાળા પાસેથી ત્રણ ઈસમો ગંજીપત્તા વડે હારજીતનો જુગાર રમતા રોકડા રૂ. ૩,૩૦૦ સાથે ઝડપાયા હતા. આ ઉપરાંત, ખાંભાના કોદીયા ગામે ગરબીમાતાના ચોકમાં જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા છ ઈસમો રોકડા રૂ. ૧૦,૮૮૦ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા. જ્યારે લાઠીના જાનબાઈ (દેરડી) ગામે પીપળવા ગામના બીડમાં લાલાભાઈ સોમજીભાઈ રવોલીયાની વાડી આગળ આવેલા ખારામાં, જાહેરમાં ટોર્ચના અજવાળે ગંજીપત્તા તેમજ પૈસાથી તીનપત્તી નામનો હારજીતનો જુગાર રમતા આઠ ઈસમો કુલ રૂ. ૨૫,૯૭૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

# અમરેલી મોટા બસ સ્ટેન્ડ પાસેથી બાઈકની ચોરી

**બાઈક માલિકે ચાવંડ ગામના વલકુભાઈ વેગડ સામે ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૨૫

અમરેલીમાં મોટા બસ સ્ટેન્ડ પાસેથી બાઈકની ચોરી થઈ હતી. આ બનાવ અંગે અમરભાઈ મહેબુબભાઈ કશીરી (ઉ.વ. ૩૮)એ ચાવંડ ગામના વલકુભાઈ વેગડ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેમણે પોતાનું બાઈક મોટા બસ સ્ટેન્ડ ખાતે નંદન કુરિયર સર્વિસ પાસે પાર્ક કર્યું હતું, જ્યાંથી તેની ચોરી થઈ હતી. આ બાઈકની કિંમત રૂ.૧૦ હજાર દર્શાવવામાં આવી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મેહુલકુમાર વિનુભાઈ મકવાણા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# વાહન તારવવા બાબતે ઝઘડો કરી ગાળો બોલી ઢીકાપાટુ માર્યા

**જાફરાબાદના ભાડા ગામે બનાવ બન્યો**

જાફરાબાદ, તા. ૨૫

જાફરાબાદના ભાડા ગામે વાહન તારવવા બાબતે ઝઘડો કરી ગાળો બોલી ઢીકાપાટુ માર માર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે.

આ અંગે દિનેશભાઈ ગાંડાભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૬) એ વિપુલભાઈ સોમાભાઈ સાંખટ અને વિપુલભાઈ સામતભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેઓ પોતાનું મોટર સાયકલ લઈને ટીંબી ગામથી ભાડા ગામે મજૂર લેવા આવી રહ્યા હતા. તે દરમિયાન ટીંબી ગામથી ભાડા ચોકડી આગળ આવેલી સીસાભાઈની વાડી પાસે પહોંચતા, તેઓ અને આરોપીઓની મોટર સાયકલ સામસામે થઈ ગઈ હતી. રોડ પર વાહન તારવવા (સાઈડ આપવા) બાબતે આરોપીઓએ તેમની સાથે ઝઘડો કર્યો હતો તેમજ તેમને મોટર સાયકલ પરથી નીચે પછાડી દઈ ગાળો આપી હતી. આ ઉપરાંત ઢીકાપાટુનો ગંભીર માર મારી, જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

# અમરેલીમાં જાહેર રોડ પર ટ્રાફિકને અડચણરૂપ લારી રાખનાર સામે કાર્યવાહી

અમરેલી, તા.૨૫

અમરેલી શહેરમાં ટ્રાફિકની સમસ્યા અને રાહદારીઓની સુરક્ષાને ધ્યાને રાખીને પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. અહીંના એક વિસ્તારમાં જાહેરરોડ-રસ્તા પર લોકોની અવરજવર તેમજ વાહનોને અડચણરૂપ થાય તે રીતે પાણીપુરીની લારી ઊભી રાખવા બદલ સુરેશભાઈ મનોજભાઈ ખોરાસીયા (ઉ.વ.૨૭) સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપીએ પોતાના હવાલાવાળી પાણીપુરીની લારી જાહેર માર્ગ પર એવી રીતે ગોઠવી હતી, જેનાથી વાહનવ્યવહાર ખોરવાય અને અકસ્માતનું જોખમ ઊભું થાય. આ બાબત પોલીસના ધ્યાને આવતા, ટ્રાફિકમાં અડચણ અને જાહેર જનતા માટે જોખમ ઊભું કરવા બદલ પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગમા પીપળીયાની પ્રાથમિક શાળામાં ૧૨મા વિશ્વ યોગ દિવસની ઉજવણી

ગમા પીપળીયા,તા.૨૫

ગમા પીપળીયાની પ્રાથમિક શાળામાં ૧૨મા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત એક એક વૃક્ષ ઉછેરવાનો વિચાર રજૂ કરવામાં આવ્યો હતો. સ્કૂલના શિક્ષક ભાવેશભાઈએ યોગાસનોના વિવિધ ફાયદા સમજાવ્યા હતા. ભારતીય કિસાન સંઘના બાબરા તાલુકાના પ્રમુખ ભાનુભાઈ એમ.પાનશેરિયાએ



આ નિમિત્તે નિમિત્તે જણાવ્યું હતું કે, આસનોથી જેમ શરીર, મન અને વિચારો મજબૂત અને તંદુરસ્ત બને છે. આજે આપણે પર્યાવરણ અને સૃષ્ટિને મજબૂત અને તંદુરસ્ત બનાવવા તેમજ હિટવેવથી બચવા વૃક્ષો ખૂબ જ જરૂરી છે. તેથી આપણે બધા એક એક વૃક્ષ ઉછેરવાનો સંકલ્પ લેવો જોઈએ.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બારસ
તા.૨૬-૦૬-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૨૪,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: વિશાખા

## દૈનિક રાશિફળ

તા. ૨૬-૦૬-૨૦૨૬ શુક્રવાર

મેષ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઊભા થઈ શકે છે.

સિંહ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકર: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે.

મીન: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.

# બગસરાના હડાળા ગામે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

બગસરા, તા. ૨૫

રાજ્ય સરકારના શાળા મહોત્સવ અંતર્ગત બગસરા તાલુકાની હડાળા માધ્યમિક શાળામાં ધારાસભ્ય જે.વી. કાકડિયાની ઉપસ્થિતિમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન આંગણવાડી તેમજ ધોરણ-૧માં પ્રવેશ મેળવનારા નાના બાળકોને



સ્કૂલ બેગ અને પાઠ્યપુસ્તકો અર્પણ કરીને તેમનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ ખારી પ્રાથમિક શાળાની મુલાકાત લેવામાં આવી, જ્યાં ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડિયા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ચંપુભાઈ ડવ, પૂર્વ પ્રમુખ બાબુભાઈ બકરાણિયા, સરપંચ પુનાભાઈ પાઘડાળ, રાકેશભાઈ વઘાસિયા, હર્ષદભાઈ રાવલ, પરેશભાઈ તથા એસએમસીના પ્રમુખ અને શિક્ષણપ્રેમીઓની હાજરીમાં બાલવાટિકાના બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો. આ પ્રસંગે પર્યાવરણ જાગૃતિના સંદેશ સાથે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા.

# જિલ્લામાં ત્રણ સ્થળેથી આઠ લીટર દેશી દારૂ ઝડપાયો

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં પોલીસે ત્રણ સ્થળેથી આઠ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો. જેમાં રંગપુર ગામેથી ૫ લીટર, અમરેલીમાંથી ૨ લીટર તથા રામપરા-૨ ગામેથી ૧ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. આ ઉપરાંત, વડિયા, નવા માલકનેશ અને રાજુલામાંથી એક-એક ઈસમ કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપાયા હતા.

# બાબરાના ગળકોટડી ગામેથી પરિણીતા લાપતા

બાબરા, તા. ૨૫

બાબરાના ગળકોટડી ગામેથી એક પરિણીતા લાપતા બની હોવાની ઘટના સામે આવી છે. આ અંગે રાયધનભાઈ બાલાભાઈ ખટાણા (ઉ.વ. ૩૫) એ પોલીસ સ્ટેશનમાં જાહેર કર્યા મુજબ, તેમના પત્ની અનિતાબેન (ઉ.વ. ૪૦) ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. સગા-સંબંધીઓમાં વ્યાપક તપાસ કરવા છતાં તેમની કોઈ ભાળ મળી શકી નહોતી.

# અમરેલીમાંથી યુવતી ઘરેથી ચાલી નીકળી

અમરેલી, તા. ૨૫

અમરેલીમાંથી એક યુવતી બપોરે ઘરેથી ચાલી નીકળી હતી આ અંગે કમલેશભાઈ બાલુભાઈ સોલંકી (ઉ.વ.૪૮) એ જાહેર કર્યા મુજબ, શોભનાબેન કમલેશભાઈ સોલંકી બપોરે પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાંથી એક ડઝન પ્યાસી પકડાયા

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૧૨ લોકોને પાસ-પરમિટ વગર કેફી પીણું પીને ફરતા ઝડપી પાડ્યા હતા.

સાવરકુંડલામાંથી ૫ લીટર સહિત જિલ્લામાંથી કુલ ૧૦ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. મોટી ગરમલી ગામેથી એક યુવક ભારતીય બનાવટના વિદેશી દારૂની બે બોટલ સાથે ઝડપાયો હતો.

# મોટા મોભીયાણામાં જમીન વિવાદમાં ખોટી અરજીઓ અને FIR કરી હેરાનગતિ કરાતા બદનક્ષીની ફરિયાદ

રાજુલા, તા. ૨૫

મોટા મોભીયાણા ગામે રહેતા શૌકતઅબ્બાસ મહમદહુસેન નકવી (ઉ.વ. ૪૭) એ હાલ રાજુલામાં રહેતા મૂળ મોટા મોભીયાણા ગામના જનકભાઈ મોહનભાઈ સોલંકી તથા અંજવાળીબેન મોહનભાઈ સોલંકી સામે બદનક્ષીની ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, મોટા મોભીયાણા ગામની સર્વે નંબર ૫૫ વાળી જમીન બાબતે સામાવાળાઓ દ્વારા વર્ષ ૨૦૧૬ થી સતત વિખવાદ ઊભો કરવામાં આવી રહ્યો છે. આ સર્વે નંબર ૫૫ વાળી જમીન સાથે આ કામના ફરિયાદી તેમજ સાહેદોને કોઈ પણ પ્રકારનો પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ કે લેવા-દેવા નથી. છતાં સામાવાળાઓ દ્વારા અવારનવાર પોલીસ સ્ટેશનમાં ખોટી અરજીઓ કરવામાં આવતી હતી.

એટલું જ નહીં, ફરિયાદી અને સાહેદોને કાયદાકીય ગૂંચવણમાં ફસાવવા માટે ખોટી એફ.આઈ.આર. (FIR) પણ દાખલ કરાવવામાં આવી હતી.આરોપીઓના આ કૃત્યના કારણે સમાજ અને સગા-સંબંધીઓમાં ફરિયાદી પક્ષની છબી ખરડાઈ હતી અને તેમની સામાજિક પ્રતિષ્ઠાને મોટું નુકસાન પહોંચ્યું હતું. આ અંગે ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એલ. ભેરડા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

તંત્રી લેખ

# પાણી, સુરક્ષા અને યુધ્ધની તૈયારીઓ

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં ફરી એક વખત તણાવનું વાતાવરણ સર્જાયું છે. સરહદ પર વધતી સૈન્ય ગતિવિધિઓ, ડ્રોન દ્વારા થતી ઘૂસણખોરીના પ્રયાસો, પાકિસ્તાનના લશ્કરી મથકોના પુનઃનિર્માણના અહેવાલો અને સિંધુ નદીના પાણીના પ્રશ્ને બંને દેશો વચ્ચેના મતભેદો વધુ ઊંડા બન્યા છે. દક્ષિણ એશિયામાં શાંતિ અને સ્થિરતા માટે આ સ્થિતિ ચિંતાજનક છે. જોકે ભારતે સ્પષ્ટ કર્યું છે કે તે શાંતિનો સમર્થક છે, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા અને રાષ્ટ્રીય હિતના પ્રશ્ને કોઈપણ પ્રકારની બાંધછોડ કરવા તૈયાર નથી.

ઓપરેશન સિંદૂરમાં ભારતીય સેનાએ આધુનિક ટેકનોલોજી, ચોકસાઈપૂર્ણ ગુપ્તચર માહિતી અને સંકલિત લશ્કરી શક્તિનો ઉપયોગ કરીને અનેક મહત્વપૂર્ણ લક્ષ્યોને નિશાન બનાવ્યા હતા. આ કામગીરી દરમિયાન હવાઈ દળ, થલસેના અને અન્ય સુરક્ષા એજન્સીઓ વચ્ચે ઉત્તમ તાલમેલ જોવા મળ્યો હતો. આધુનિક ડ્રોન, પ્રિસિઝન ગાઈડેડ હથિયારો અને ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમનો ઉપયોગ કરીને ભારતે દુનિયાને બતાવ્યું કે હવે યુધ્ધનું સ્વરૂપ બદલાઈ ગયું છે.

આ સમગ્ર ઘટનાક્રમમાં પાણીનો મુદ્દો પણ અત્યંત મહત્વનો બની ગયો છે. ઓપરેશન સિંદૂર પછી ભારતે સિંધુ જળ સંધિને સ્થગિત રાખવાનો નિર્ણય યથાવત રાખ્યો છે. પાકિસ્તાનની કૃષિ અને અર્થવ્યવસ્થાનો મોટો આધાર સિંધુ નદી પ્રણાલી પર છે. તેથી પાણીનો પ્રશ્ન તેના માટે જીવનમરણનો પ્રશ્ન સમાન છે. પાકિસ્તાને વિવિધ આંતરરાષ્ટ્રીય મંચો પર ભારત ઉપર દબાણ લાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેને ખાસ સફળતા મળી નથી. ભારતનું વલણ સ્પષ્ટ છે કે આતંકવાદ અને સહયોગ એકસાથે ચાલી શકે નહીં.

સિંધુ નદીના પાણીનો મુદ્દો માત્ર જળ વ્યવસ્થાપનનો પ્રશ્ન નથી રહ્યો, પરંતુ હવે તે વ્યૂહાત્મક શક્તિનું સાધન બની ગયો છે. ભારત પોતાના હક્કના પાણીનો વધુ અસરકારક ઉપયોગ કરવા માટે નવા જળાશયો, કેનાલો અને જળસંગ્રહ યોજનાઓ તરફ આગળ વધી રહ્યું છે. તેના પરિણામે પાકિસ્તાનમાં ચિંતા વધવી સ્વાભાવિક છે. પાકિસ્તાનના અનેક વિસ્તારોમાં પાણીની ઉપલબ્ધતા અંગે પ્રશ્નો ઊભા થયા છે અને ત્યાંના રાજકીય નેતાઓ પણ આ મુદ્દે વારંવાર નિવેદનો આપી રહ્યા છે.

સરહદ પર ડ્રોન યુધ્ધના નવા પડકારો પણ ઉભા થયા છે. અગાઉ જ્યાં ઘૂસણખોરી માટે માનવબળનો ઉપયોગ થતો હતો ત્યાં હવે ડ્રોનનો ઉપયોગ વધી રહ્યો છે. હથિયારો, વિસ્ફોટકો અને નશીલા પદાર્થો પહોંચાડવા માટે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ભારતે પણ આ પડકારનો સામનો કરવા માટે અત્યાધુનિક એન્ટી-ડ્રોન ટેકનોલોજી અને સર્વેલન્સ સિસ્ટમ તૈનાત કરી છે. ભવિષ્યના યુધ્ધોમાં ટેકનોલોજીની ભૂમિકા વધુ નિર્ણાયક બનવાની છે.

આજે ભારત-પાકિસ્તાન સંબંધોમાં માત્ર સરહદ જ નહીં, પરંતુ પાણી, ટેકનોલોજી, અર્થવ્યવસ્થા અને રાજદ્વારી પણ મહત્વના મોરચા બની ગયા છે. ઓપરેશન સિંદૂરે ભારતની ક્ષમતાનું પ્રદર્શન કર્યું છે, જ્યારે સિંધુ નદીના પાણીના પ્રશ્ને નવી વ્યૂહાત્મક પરિસ્થિતિ ઊભી કરી છે. આવનારા સમયમાં પરિસ્થિતિ કઈ દિશામાં આગળ વધશે તે કહેવું મુશ્કેલ છે, પરંતુ એટલું ચોક્કસ કહી શકાય કે ભારતે શાંતિ સાથે શક્તિનું સંતુલન જાળવી રાખવું પડશે. દેશની સુરક્ષા, વિકાસ અને રાષ્ટ્રીય હિતને સર્વોચ્ચ સ્થાન આપીને આગળ વધવું એ જ આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે.

# ભારતના જળમાર્ગો : સ્થિતિ, પડકારો અને ભાવિ સંભાવનાઓ



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ભારતમાં લગભગ ૧૪,૫૦૦ કિલોમીટર લાંબા નૌકાવહન યોગ્ય જળમાર્ગો આવેલા છે, જેમાંથી ૫,૨૦૦ કિલોમીટર નદીઓ અને ૪,૦૦૦ કિલોમીટર નહેરો યાંત્રિક નૌકાઓ માટે ઉપયોગી છે. આટલી મોટી ક્ષમતા હોવા છતાં, ભારતના કુલ વેપારમાં જળમાર્ગોનો હિસ્સો માત્ર ૩.૫ ટકા જેટલો છે. સરખામણીમાં, ચીનમાં આ હિસ્સો ૪૭ ટકા, યુરોપમાં ૪૦ ટકા અને બાંગ્લાદેશમાં ૩૫ ટકા જેટલો છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે ભારતને જળમાર્ગોના ક્ષેત્રે હજી ઘણું કરવાનું બાકી છે. આ લેખમાં આપણે ભારતના નદીમાર્ગો અને સમુદ્રી જળમાર્ગોની વિગતવાર ચર્ચા કરીશું, તેમના વિકાસની સ્થિતિ, આવતા પડકારો અને ભાવિ દિશાઓનું મૂલ્યાંકન કરીશું.

રાષ્ટ્રીય જળમાર્ગો: ભારતની જળ પરિવહન પ્રણાલીની કરોડરજ્જુ છે.ભારત સરકારે નેશનલ વોટરવેઝ એક્ટ, ૨૦૧૬ હેઠળ કુલ ૧૧૧ જળમાર્ગોને રાષ્ટ્રીય જળમાર્ગો (National Waterways) તરીકે જાહેર કર્યા છે. ૨૦૧૪-૧૫માં જ્યાં માત્ર ૩ જળમાર્ગો સંપૂર્ણ રીતે સંચાલિત હતા, ત્યાં ૨૦૨૪-૨૫ સુધીમાં આ સંખ્યા વધીને ૨૯ થઈ ગઈ છે, જે ૭૬૭ ટકાનો અદ્‌ભુત વધારો દર્શાવે છે. તે જ સમયગાળામાં રાષ્ટ્રીય જળમાર્ગોની કુલ સંચાલિત લંબાઈ ૨,૭૧૬ કિલોમીટરથી વધીને ૪,૮૯૪ કિલોમીટર સુધી પહોંચી છે. આ પ્રગતિ દર્શાવે છે કે સરકાર જળમાર્ગોના વિકાસને ગંભીરતાથી લઈ રહી છે.

મુખ્ય રાષ્ટ્રીય જળમાર્ગો નીચે મુજબ છે.પ્રથમ રાષ્ટ્રીય જળમાર્ગ (NW-1): ગંગા-ભાગીરથી-હૂગલી પ્રણાલી અલ્હાબાદથી હલ્દિયા સુધી ફેલાયેલો આ જળમાર્ગ ભારતનો સૌથી મહત્વપૂર્ણ અને લાંબો આંતરિક જળમાર્ગ છે. તે વારાણસી, પટના, ભાગલપુર અને કોલકાતા જેવા મહત્વપૂર્ણ ઔદ્યોગિક કેન્દ્રોને હલ્દિયા બંદર સાથે જોડે છે. આ માર્ગ પર સિમેન્ટ, પથ્થરના ચિપ્સ, આયર્ન ડસ્ટ, ફ્લાયએશ અને ખાદ્ય તેલ જેવા ભારે માલસામાનનું પરિવહન થાય છે. જલ માર્ગ વિકાસ પ્રોજેક્ટ (JMVP) હેઠળ વિશ્વ બેંક દ્વારા આ જળમાર્ગના આધુનિકીકરણ માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી છે, જે તેની વ્યૂહાત્મક મહત્તા દર્શાવે છે.

બીજો રાષ્ટ્રીય જળમાર્ગ (NW-2): બ્રહ્મપુત્ર પ્રણાલી છે. આસામના ધુબ્રીથી સદિયા સુધી વિસ્તરેલો આ જળમાર્ગ પૂર્વોત્તર ભારત માટે જીવાદોરી સમાન છે. અહીંથી સિમેન્ટ, જ્યૂટ, ચા, વન ઉત્પાદનો, પેટ્રોલિયમ, ખાતરો અને કોલસાનું પરિવહન થાય છે. તાજેતરમાં NW-૫૭ (કોપિલી નદી) ને પણ સંચાલિત કરવામાં આવી છે, જેના પરિણામે આસામમાં હવે ચાર રાષ્ટ્રીય જળમાર્ગો સંપૂર્ણ રીતે સક્રિય થઈ ગયા છે. આ પ્રદેશની ભૌગોલિક પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતાં, જળમાર્ગો અહીં પરિવહનનું સૌથી વ્યવહારુ અને ખર્ચ-અસરકારક માધ્યમ બની રહે છે. ત્રીજો રાષ્ટ્રીય જળમાર્ગ (NW-3): પશ્ચિમી કેનાલ સિસ્ટમ, કેરળ સુધીનો જ છે.

કોટ્ટાપુરમથી કોલ્લમ સુધી ફેલાયેલો આ ભરતી-પ્રભાવિત કેનાલ માર્ગ કેરળના પ્રખ્યાત બેકવોટર્સને જોડે છે. અહીં સલ્ફર, રોક ફોસ્ફેટ, લિક્વિફાઇડ એમોનિયા ગેસ અને પેટ્રોલિયમ ઉત્પાદનો જેવા રાસાયણિક પદાર્થોનું પરિવહન થાય છે. ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ વચ્ચે આ જળમાર્ગ પર કાર્ગો ટ્રાફિકમાં ૯૦.૪૪ ટકાનો અદ્‌ભુત વધારો નોંધાયો છે, જે તેની વધતી ઉપયોગિતા દર્શાવે છે.

જળમાર્ગ પરિવહનના આર્થિક અને પર્યાવરણીય લાભો અનેક છે.જળમાર્ગ પરિવહન પર્યાવરણને અનુકૂળ છે, કારણ કે તે પ્રતિ ટન-કિલોમીટર ફક્ત ૩૨ થી ૩૬ ગ્રામ કાર્બન ડાયોક્સાઇડનું ઉત્સર્જન કરે છે. સરખામણીમાં, રસ્તા માર્ગે પરિવહન ૫૧ થી ૯૧ ગ્રામ અને રેલ્વે ૨૨ ગ્રામ કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જિત કરે છે. ખર્ચની દૃષ્ટિએ પણ જળમાર્ગ સૌથી સસ્તો છે, જ્યાં પ્રતિ ટન-કિલોમીટરનો ખર્ચ ફક્ત ૦.૨૫ થી ૦.૩૦ રૂપિયા જેટલો થાય છે. રેલ્વેમાં આ ખર્ચ ૧.૦ રૂપિયા અને રસ્તા માર્ગે ૧.૫ રૂપિયા જેટલો થાય છે.

બળતણ કાર્યક્ષમતાની વાત કરીએ તો, જળમાર્ગ પરિવહન અત્યંત લાભદાયી છે. એક લિટર ઈંધણમાં ૧૦૫ ટન-કિલોમીટરનું પરિવહન થઈ શકે છે, જ્યારે રેલ્વેમાં ૮૫ અને રસ્તા માર્ગે ૨૪ ટન-કિલોમીટર થાય છે. આ આંકડાઓ સાબિત કરે છે કે જળમાર્ગો માત્ર પર્યાવરણ માટે જ નહીં, પણ અર્થતંત્ર માટે પણ ફાયદાકારક છે.


ભારતમાં હાલમાં લોજિસ્ટિક્સ ખર્ચ GDPના ૧૪ ટકા જેટલો છે, જે ઘણા વિકસિત દેશો કરતાં વધુ છે. જો આપણે જળમાર્ગોના વધુ સારા ઉપયોગ દ્વારા આ ખર્ચ ૯ ટકા સુધી ઘટાડી શકીએ, તો વાર્ષિક લગભગ ૫૦ અબજ ડોલરની બચત થઈ શકે છે. વધુમાં, જળમાર્ગોના વિકાસ માટે જમીન સંપાદનની જરૂર નથી પડતી, જેના કારણે પર્યાવરણીય વિક્ષેપ અને વિસ્થાપન જેવી સમસ્યાઓ ટળે છે.

ભારતના જળમાર્ગ વિકાસમાં મુખ્ય પડકારો નીચે મુજબ છે.આટલા બધા ફાયદા હોવા છતાં, ભારતના જળમાર્ગોના સંપૂર્ણ વિકાસમાં અનેક અવરોધો આવે છે, જે નીચે મુજબ છે.મોસમી પ્રભાવ અને પાણીની ઊંડાઈની સમસ્યા મુખ્ય છે.

ભારતની મોટાભાગની નદીઓ બિન-સ્થાયી છે, એટલે કે ચોમાસા દરમિયાન તો તેમાં પુરપાટ પાણી હોય છે, પરંતુ ઉનાળાની ઋતુમાં પાણીનું સ્તર ઘણું નીચું ચાલ્યું જાય છે. આના કારણે વર્ષભર સતત નૌકાવહન શક્ય બનતું નથી. ઘણા જળમાર્ગોમાં જરૂરી લઘુત્તમ ઊંડાઈ (ડ્રાફ્ટ) પણ હોતી નથી, જે મોટા કાર્ગો વહાણોને અવરોધે છે. ઉદાહરણ તરીકે, NW-૧ પર હલ્દિયા અને ફરક્કા વચ્ચે ૩ મીટર, ફરક્કા અને વારાણસી વચ્ચે ૨ મીટર, અને વારાણસી અને અલ્હાબાદ વચ્ચે ૧.૫ મીટરની ઊંડાઈ જ જાળવી શકાય છે, જે મોટા વહાણો માટે પૂરતી નથી.

**ભારત દેશ પાસે જળ પરિવહન માટે અપાર સંભાવનાઓ છે. આશરે ૭,૫૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો, અસંખ્ય નદીઓ, નહેરો, બેકવોટર્સ અને ખાડીઓનું વિશાળ જાળું આ દેશને જળમાર્ગોની દૃષ્ટિએ સમૃધ્ધ બનાવે છે.**

## શબ્દ સંજોગ-૨૨૨૧




**આડી ચાવી :**
(૧) દર પંદર દિવસે પ્રગટ થતુ છાપુ (૩)
(૩) આરાધક, ભક્ત (૩)
(૬) વિષ્ણુ (૪)
(૭) વખાણ, સ્તુતિ (૨)
(૮) જન્મેલુ બાળક રડેતે (૨)
(૧૦) નુકસાન, પાયમાલી (૨)
(૧૧) રંગ અવધુત મહારાજનું દર્શનીય સ્થળ (૪)
(૧૬) તીરનો ભાથો (૪)
(૧૭) ટાપટીપ, છેલાઈ (૪)
(૧૯) અમિતાભ બચ્ચનની એક ફિલ્મ (૨)
(૨૦) પુષ્કળ (૨)
(૨૧) ભાઈ (૨)
(૨૩) ખંજવાળ, ચળ (૩)
(૨૫) વિનાનુ (૩)
(૨૭) ધારો, કાનૂન (૩)
(૩૦) ખાણ, ભંડાર(અ) (૨)
(૩૧) હિલચાલ, ચળવળ (૪)

**ઉભી ચાવી :**
(૧) પાકું, પુખ્ત (૩)
(૨) ચોટલો (૨)
(૩) નાસતો (૪)
(૪) પ્રસિધ્ધ સંસ્કૃત વૈયાકરણી (૩)
(૫) ...હાર એટલે અદલોબદલો (૨)
(૭) રાજગરાના લોટની એક બનાવટ (૨)
(૯) થનાર, બનનાર (૩)
(૧૨) રેટિંયાની ઉભી થાંભલી (આ-અ) (૩)
(૧૩) શ્વાસ લેવો તે (૩)
(૧૪) ...થી...ન રામે. (૨)
(૧૫) નાનો પથ્થર બાંધેલી દોરી (૩)
(૧૬) છબી, ચિત્ર (૪)
(૧૭) અક્ષર, રંગ (૩)
(૧૮) ઉણપ, ખામી(અ) (૨)
(૨૨) બલરામની માતા (૩)
(૨૩) ચામડીનો એક રોગ (૨)
(૨૪) તમાકુનો ભૂકો (૩)
(૨૬) ખોદેલુ (અ) (૨)
(૨૮) આજનું કામ....પર ન છોડો (૨)
(૨૯) ખ્રિસ્તી સાધ્વી (૨)

## શબ્દ સંજોગ-૨૨૨૦ જવાબ

**આડી ચાવી:** (૧) ભાજક (૪) મસનદ (૮) ડુંગર (૯) લખલખ (૧૦) આયત (૧૧) ણામ(મણા) (૧૩) લોથલ (૧૬) બલમ (૧૮) ભલાઈ (૨૦) ચાસ (૨૨) ફરજ (૨૩) રદન (૨૪) સાસણ (૨૬) છાજલી (૨૭) કાજી (૨૮) આહુતિ (૨૯) ગજરો.
**ઉભી ચાવી:** (૧) ભાડું (૨) જગન્નાથ (૩) કર (૪) મલયાલમ (૫) સખત (૬) નલ (૭) દખણા (૧૨) મનાઈ (૧૩) લોકાચાર (૧૪) લબ (૧૫) આભરણ (૧૭) લગ (૧૯) લાજ (૨૧) સદરહું (૨૨) ફસલી (૨૪) સાજન (૨૫) હજીરો (૨૭) કાજ.

# ટ્રેન્ટના ચેરમેન પદેથી નોએલ ટાટા વિદાય લેશે, નેતૃત્વ પરિવર્તનની ચર્ચાઓ તેજ

મુંબઈ, તા. ૨૫

દેશની જાણીતી ફેશન અને જીવનશૈલી ક્ષેત્રે કાર્યરત ટ્રેન્ટ કંપનીના ચેરમેન નોએલ ટાટાએ પોતાની છેલ્લી વાર્ષિક સામાન્ય સભામાં શેરધારકોને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે ચેરમેન તરીકે આ તેમની અંતિમ સામાન્ય સભા રહેશે. તેમના નિવેદન બાદ કંપનીના નેતૃત્વમાં પરિવર્તન અંગે ચર્ચાઓ તેજ બની છે.

નોએલ ટાટાના માર્ગદર્શન હેઠળ ટ્રેન્ટે નોંધપાત્ર વિકાસ હાંસલ કર્યો છે. એક જ સ્ટોરથી શરૂ થયેલી કંપની આજે દેશની અગ્રણી ફેશન અને જીવનશૈલી કંપનીઓમાં સ્થાન ધરાવે છે.



કંપનીએ વર્ષો દરમિયાન પોતાના વ્યવસાયનો વ્યાપ વધારીને અનેક શહેરોમાં મજબૂત હાજરી ઊભી કરી છે.નોએલ ટાટા હાલમાં ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન તરીકે પણ મહત્વપૂર્ણ જવાબદારી નિભાવી રહ્યા છે. તેઓ આ વર્ષે નવેમ્બર મહિનામાં ૭૦ વર્ષની ઉંમરે પહોંચવાના છે. કંપની કાયદા ૨૦૧૩ મુજબ ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના મેનેજિંગ ડિરેક્ટર અથવા પૂર્ણકાલીન ડિરેક્ટરની નિમણૂક અને કાર્યકાળ માટે ખાસ નિયમો લાગુ પડે છે. આ સંજોગોમાં ટ્રેન્ટના ચેરમેન પદેથી તેમની વિદાય કંપની માટે મહત્વપૂર્ણ ફેરફાર માનવામાં આવી રહી છે. તેમના કાર્યકાળ દરમિયાન કંપનીએ સતત વૃધ્ધિ, વિસ્તરણ અને વ્યવસાયિક સફળતાના નવા માપદંડો સ્થાપિત કર્યા હતા. હવે કંપનીનું આગામી નેતૃત્વ વિકાસની આ યાત્રાને આગળ વધારશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૪૦ |
| શકકરીયા | ૬૦૦ | ૭૨૦ |
| ટમેટાં | ૮૫૦ | ૯૫૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૬૨૦ | ૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૬૫૦ |
| ગલકા | ૨૫૦ | ૩૦૦ |
| કાચી કેરી | ૧૦૦૦ | ૧૫૫૦ |
| કાકડી | ૭૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| પાકી કેરી | ૧૦૮૦ | ૨૦૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૨૫૫૦ |
| ચોળા લીલા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૨૧૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૨૮૦૦ | ૩૦૦૦ |
| કોથમીર | ૧૫૫૦ | ૧૭૫૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ફોદીનો | ૪૫૦ | ૫૩૦ |
| ટીંડોરા | ૫૫૦ | ૬૫૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૬૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી સુકી | ૩૨૦ | ૫૦૦ |
| લસણ સુકું | ૧૨૦૦ | ૨૦૫૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૮૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૦૧ | ૧૧૦૧ |
| તલ સફેદ | ૨૩૫૫ | ૨૩૫૫ |
| બાજરો | ૩૯૦ | ૩૯૦ |
| જુવાર | ૭૭૬ | ૧૧૬૧ |
| મગ | ૧૨૨૫ | ૧૬૩૧ |

# વિદેશી રોકાણકારોએ ભારતીય બોન્ડમાં રૂા. ૩૫ હજાર કરોડનું રોકાણ કર્યુ

મુંબઈ,તા.૨૫

આ મહિને અત્યાર સુધીમાં વિદેશી રોકાણકારોએ ભારતીય બોન્ડમાં અંદાજે રૂ. ૩૫ હજાર કરોડનું રોકાણ કર્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા બોન્ડમાંથી મળતી વ્યાજ આવક અને મૂડી લાભ પર કરમુક્તિ આપવાના નિર્ણય બાદ રોકાણકારોનો રસ વધ્યો છે. સરકારની કેટલીક પસંદગીની સિક્યોરિટીમાં વિદેશી રોકાણકારોને મર્યાદા વગર રોકાણ કરવાની છૂટ આપવામાં આવી હોવાથી રોકાણમાં નોંધપાત્ર વધારો થયો છે. તાજેતરના આંકડા




મુજબ જૂન મહિનામાં વિદેશી હિસ્સેદારીમાં નોંધપાત્ર વૃધ્ધિ જોવા મળી છે. અગાઉ એપ્રિલ અને મે મહિનામાં પણ રોકાણ વધ્યું હતું, જ્યારે માર્ચમાં નાણાંની ઉપાડ જોવા મળી હતી. સરકારના આ નિર્ણયથી સ્થાનિક બોન્ડ બજારને મજબૂતી મળવાની સાથે રૂપિયાને પણ આધાર મળવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ૨૯ જૂન સુધી ભવિષ્ય નિધિની અનેક સેવાઓ રહેશે બંધ રહેશે

મુંબઈ,તા.૨૫

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન દ્વારા તેની ડિજિટલ વ્યવસ્થાને વધુ આધુનિક અને કાર્યક્ષમ બનાવવા માટે મહત્વપૂર્ણ તકનીકી સુધારાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આ કામગીરીને કારણે ૨૬ જૂનથી ૨૮ જૂન ૨૦૨૬ દરમિયાન અનેક સેવાઓ અસ્થાયી રીતે ઉપલબ્ધ રહેશે નહીં. જેના કારણે લાખો ખાતાધારકોને કેટલાક કામોમાં વિલંબનો સામનો કરવો પડી શકે છે.સંગઠન દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ સમયગાળા દરમિયાન નવી અરજી નોંધાવવાની સુવિધા બંધ રહેશે. ઉપરાંત, અરજીની તપાસ, મંજૂરી અને રકમ ચૂકવવાની પ્રક્રિયા પણ અસરગ્રસ્ત રહેશે. જે લોકોને ભંડોળ ઉપાડવું હોય અથવા તાત્કાલિક નાણાંકીય જરૂરિયાત માટે અરજી કરવાની હોય તેમણે અગાઉથી આયોજન કરી લેવું જરૂરી બન્યું છે.આ સમય દરમિયાન માહિતી સંગ્રહ અને પ્રક્રિયા વ્યવસ્થામાં મોટા પાયે ફેરફાર કરવામાં આવશે. તેનો મુખ્ય હેતુ સેવાઓને વધુ ઝડપી, સુરક્ષિત અને સરળ બનાવવાનો છે. કામગીરી પૂર્ણ થયા બાદ સભ્યોને વધુ સારી અને સુવિધાજનક સેવાઓ મળી શકશે. સંગઠને ખાતાધારકોને સહકાર આપવા અપીલ કરી છે અને જણાવ્યું છે કે સુધારાની કામગીરી પૂર્ણ થયા બાદ ૨૯ જૂનથી તમામ સેવાઓ ફરી નિયમિત રીતે શરૂ કરવામાં આવશે. નવી વ્યવસ્થા અમલમાં આવ્યા પછી અરજીઓના ઝડપી નિકાલ અને વધુ સારા અનુભવની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# સોના-ચાંદીના ભાવમાં મોટું ગાબડું, રોકાણકારોમાં ચિંતા

મુંબઈ,તા.૨૫

કોમોડિટી બજારમાં આજે સોના અને ચાંદીના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે. સોનાના ભાવમાં એક જ દિવસમાં નોંધપાત્ર ઘટાડો થતાં તે પ્રતિ ૧૦ ગ્રામ રૂ.૧,૪૦,૭૦૦ સુધી પહોંચ્યું છે. છેલ્લા ત્રણ દિવસ દરમિયાન સોનાના ભાવમાં કુલ રૂ.૭,૪૮૨નો ઘટાડો નોંધાતા રોકાણકારોમાં ચિંતા જોવા મળી રહી છે.ચાંદીના ભાવમાં પણ ભારે નરમાઈ જોવા મળી છે. પ્રતિ કિલો ચાંદીના ભાવમાં એક દિવસમાં રૂ.૧૧,૨૯૮નો ઘટાડો નોંધાયો છે, જ્યારે છેલ્લા ત્રણ દિવસમાં કુલ રૂ.૨૧,૭૨૮ જેટલો ઘટાડો થયો છે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

### લાઠી રોડ બાયપાસથી કુંકાવાવ જકાતનાકા ચોકડી સુધી નોટિસ અપાઈ

# અમરેલીમાં રવિવાર સુધીમાં ગેરકાયદે દબાણ હટાવવા તંત્રનું અલ્ટીમેટમ

અમરેલી,તા.૨૫



અમરેલી શહેરમાં લાઠી રોડ બાયપાસથી કુંકાવાવ જગાતનાકા ચોકડી સુધી માર્ગની બાજુમાં થયેલા ગેરકાયદે દબાણો સામે તંત્ર દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. માર્ગ પર અવરજવર અને જાહેર સુવિધાઓમાં અવરોધ ઉભો કરતા દબાણકારોને નોટિસ પાઠવી દબાણ સ્વૈચ્છિક રીતે દૂર કરવા સૂચના આપવામાં આવી છે. તંત્રએ સ્પષ્ટ જણાવ્યું છે કે રવિવાર સુધીમાં દબાણ દૂર કરવામાં નહીં આવે તો સોમવારે સ્થળ પર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. માર્ગ વિસ્તરણ અને વાહન વ્યવહારને સુગમ બનાવવા માટે આ પગલું લેવામાં આવી રહ્યું છે.

તંત્રની સૂચના બાદ દબાણકારોમાં ચિંતા ફેલાઈ છે. સ્થાનિક લોકો દ્વારા પણ જાહેર માર્ગો ખુલ્લા રાખવા અને નિયમોનું પાલન થાય તેવી માંગ ઉઠી રહી છે.

**પાંચ દિવસમાં ટાવર નીચેની દુકાનો ખાલી કરવા પાલિકાની સૂચના**

અમરેલી શહેરના મધ્યમાં આવેલા ઐતિહાસિક ક્લોક ટાવરના નવીનીકરણ અને મરામતની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી ટાવર પર લગાવવામાં આવેલી તમામ વાયર અને લાઇટ તાત્કાલિક દૂર કરવા જણાવાયું છે. કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે ક્લોક ટાવરની નીચે આવેલી તમામ દુકાનોને આગામી પાંચ દિવસમાં ખાલી કરવાનો આદેશ અપાયો છે. નગરપાલિકાએ સંબંધિત વિભાગો અને સંસ્થાઓને કામગીરીમાં સહયોગ આપવા અપીલ કરી છે.

# અમરેલી સીટી પો.સ્ટે.ના ખૂનના ગુનાના આરોપીને ગણતરીની કલાકોમાં પકડી પાડતી એલ.સી.બી

અમરેલી,તા.૨૫



અમરેલી એલ.સી.બી. પોલીસ અને તેમની ટીમે ટેકનિકલ સોર્સ તથા બાતમીના આધારે ખૂનનો ગંભીર ગુનો આચરનાર આરોપી મયુર મુકેશભાઇ વણોદીયા (ઉં.વ.૧૯) ને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી આગળની કાર્યવાહી માટે અમરેલી સિટી પોલીસને સોંપ્યો છે.ગુનાની વિગત અનુસાર, ગત ૨૩ જૂન ૨૦૨૬ના રોજ ઝુંપડા પાસે દાદી નંદાબેન સાથે ઝઘડો કરી રહેલા આરોપી મયુરને તેનો સગા ભાઈ મનોજ અને મુકેશ વણોદીયા સમજાવવા વચ્ચે પડ્યા હતા. આ દરમિયાન ઉશ્કેરાયેલા આરોપીએ મુકેશને જાનથી મારી નાખવાના ઈરાદે તેની છાતી પર છરીનો મરણતોલ ઘા ઝીંકી હત્યા નીપજાવી હતી. નંદાબેનની ફરિયાદના આધારે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ સફળ કામગીરી પી.આઈ. સી.પી.વાઘેલા, પી.એસ.આઈ. ગોહિલ અને વાઘેલા સહિતની એલ.સી.બી. ટીમે પાર પાડી હતી.

# નાની કુંડળમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી

નાની કુંડળ,તા.૨૫



નાની કુંડળ ખાતે શ્રી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તથા પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ના પ્રારંભે યોજાયેલા આ કાર્યક્રમમાં નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના સંયુક્ત સચિવ વનરાજભાઈ પઢારિયા, જિલ્લા કો-ઓર્ડિનેટર ચૌહાણ, CRC સંજયભાઈ વસાવા, બાબરા તાલુકા પંચાયતના ચેરમેન માધવભાઈ કટારિયા, સરપંચ વિનોદભાઈ તલાવડિયા, ઉપસરપંચ અશ્વિનભાઈ સોલંકી સહિત ગામના અગ્રણીઓ, વાલીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# ધારી માર્કેટ યાર્ડમાં ભરતભાઈ અંટાળા ચેરમેન, સુભાષભાઈ ગજેરા વાઈસ ચેરમેન બન્યા

ધારી,તા.૨૫



ધારી માર્કેટયાર્ડ ખાતે યોજાયેલી બીજી ટર્મની ચૂંટણીમાં ચેરમેન તરીકે ભરતભાઈ અંટાળા બિનહરીફ વિજેતા જાહેર થયા છે, જ્યારે વાઈસ ચેરમેન તરીકે સુભાષભાઈ ગજેરાની વરણી કરવામાં આવી છે.

આ પ્રસંગે મોં મીઠા કરાવીને બંને હોદ્દેદારોનું ફૂલહારથી સ્વાગત કરાયું હતું. ભાજપ સંગઠન દ્વારા તમામ ડિરેક્ટર્સને વ્હીપ બજાવવામાં આવ્યો હતો, જેને સર્વેએ વધાવી લીધો હતો. આ નવી વરણી બદલ જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી અને ધારાસભ્ય જે.વી. કાકડીયા સહિતના આગેવાનોએ શુભેચ્છાઓ પાઠવી હતી. માર્કેટયાર્ડના ડિરેક્ટર મૃગેશ કોટડીયાના જણાવ્યા અનુસાર, બંને હોદ્દેદારોએ યાર્ડના વિકાસ માટે સાથે મળીને કામ કરવાની અને ખેડૂતો તેમજ વેપારીઓને પૂરતી સુવિધા આપવાની ખાતરી આપી છે. આગામી સીઝનમાં ખેડૂતોને પોતાના માલના વ્યાજબી ભાવ સ્થાનિક સ્તરે જ મળી રહે અને વેપારીઓને પૂરતો માલ ઉપલબ્ધ થાય તેવું સુદ્રઢ આયોજન કરવા અંગે પણ ખાતરી આપવામાં આવી હતી.

# વડિયાના સૂર્યપ્રતાપગઢ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

વડિયા,તા.૨૫



વડિયાના સૂર્યપ્રતાપગઢ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ ઉત્સાહ અને હર્ષોલ્લાસ સાથે યોજાયો હતો. કાર્યક્રમમાં ગાંધીનગરથી સચિવ ઉપાધ્યાય મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શાળામાં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી એક વાનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. પર્યાવરણ જાગૃતિના સંદેશ સાથે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. પ્રસંગે અભ્યાસમાં ઉત્તમ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પુસ્તકો ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# અમદાવાદના સૌરાષ્ટ્ર પટેલ સમાજ-મણીનગરનો ૩૪મો શૈક્ષણિક પ્રોત્સાહન પુરસ્કાર સમારોહ સંપન્ન

અમદાવાદ,તા.૨૫



સૌરાષ્ટ્ર પટેલ સમાજ-મણીનગર (અમદાવાદ) દ્વારા ૩૪માં શૈક્ષણિક પ્રોત્સાહન પુરસ્કાર તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ રજનીભાઈ એ. રાજપરા તથા કારોબારી ટ્રસ્ટીઓના અથાક પ્રયાસોથી આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને નિર્દોષાનંદજી હોસ્પિટલ-ટીંબીના સ્થાપક ટ્રસ્ટી બી.એ.રાજપરા ઉપસ્થિત રહ્યા હતા, જેમનું શાલ અને મોમેન્ટોથી સન્માન કરાયું હતું.આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મંત્રી કૌશીકભાઈ વેકરીયા, મંત્રી કમલેશભાઈ પટેલ તેમજ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને કંચનબેન રાદડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં અમદાવાદના વરિષ્ઠ આગેવાનો, ઉદ્યોગપતિઓ, બિલ્ડરો અને મોટી સંખ્યામાં સમાજના પરિવારજનો હાજર રહ્યા હતા. આ દરમિયાન ટીંબી સ્થિત નિર્દોષાનંદજી હોસ્પિટલની ડોક્યુમેંટરી ફિલ્મ દર્શાવીને ત્યાં ચાલતી તદન નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાઓની વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.

# રામપુર-તોરીની શાળાઓમાં એસ.પી. સંજય ખરાતની ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવ યોજાયો

તોરી,તા.૨૫



તસવીર : વિનુભાઈ કોટડીયા

વડીયા-મોટી કુંકાવાવ તાલુકાની રામપુર પ્રાથમિક શાળા, તોરી બી. વી. કોટડીયા પ્રાથમિક શાળા અને તોરી આદર્શ માધ્યમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અમરેલી જિલ્લા પોલીસ વડા (એસપી) સંજય ખરાત અને ડી.વાય.એસ.પી. દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, શિક્ષણ એ જીવનનું મહત્ત્વનું ભાથું છે. આ સાથે જ તેમણે માર્ગ અકસ્માતો ન થાય તે માટે વિસ્તૃત માહિતી આપીને ટ્રાફિક નિયમોનું પાલન કરવા જણાવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન તોરી આઝાદ યુવક મંડળ દ્વારા શાળામાં પ્રવેશ મેળવતા દરેક બાળકને અભ્યાસ ઉપયોગી કીટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં તોરીના સરપંચ પરેશભાઈ કોટડીયા, રામપુરના સરપંચ વીતુબેન કોટડીયા, કિશોરભાઈ બસીયા, બાલુભાઈ હીરપરા, ભલાભાઈ, બારીયાભાઈ અને ભાયાણીભાઈ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન હિતેષભાઈ,ભાલુબેન અને ધ્રુવબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગીર સોમનાથ ખાતે કિસાન સન્માન સમારોહ યોજાયો

ગીર સોમનાથના,તા. ૨૫



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંબુજાનગર ખાતે જિલ્લા ખેતીવાડી વિભાગ, ગીર સોમનાથના સંયુક્ત ઉપક્રમે કિસાન સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૩મો હપ્તો પશ્ચિમ બંગાળમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો, જેનું જીવંત પ્રસારણ ઉપસ્થિત ખેડૂતોએ નિહાળ્યું હતું. કાર્યક્રમમાં કોડીનાર નગરપાલિકાના ઉપપ્રમુખ શ્રી શિવાભાઈ સોલંકી સહિત વિવિધ અધિકારીઓ અને કૃષિ નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી, સંકલિત રોગ-જીવાત વ્યવસ્થાપન, અલ નીનોની અસર તેમજ સરકારી કૃષિ યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આશરે ૨૨૯ ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને

# ઈશ્વરીયા,કોલડા અને બહારપરા પ્રા.શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

અમરેલ્ફ,તા.૨૫



અમરેલી જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. ઈશ્વરીયા, કોલડા અને બહારપરા ખાતે નવા વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. ઈશ્વરીયા ખાતે આંગણવાડી, બાલવાટિકા, ધોરણ ૧, ધોરણ ૬ અને ધોરણ ૯માં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન સરકારી પ્રાથમિક શાળાઓમાં મળતા ગુણવત્તાસભર શિક્ષણ અંગે માહિતી આપવામાં આવી હતી. ગામડાની સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર સતત ઊંચુ જઈ રહ્યું હોવાથી શહેરના વાલીઓ પણ પોતાના બાળકોને આવી શાળાઓમાં અભ્યાસ માટે મોકલી રહ્યા હોવાનું જણાવાયું હતું. સરકારી શાળાઓમાંથી અભ્યાસ કરીને અનેક લોકો વિવિધ ક્ષેત્રોમાં સફળતા મેળવી રહ્યા હોવાનું પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.કોલડા ખાતે નવી સરકારી પ્રાથમિક શાળાના મકાનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આશરે ૧.૧૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા આ મકાનમાં વિદ્યાર્થીઓને આધુનિક અને સુવિધાસભર વાતાવરણમાં શિક્ષણ મળી રહેશે. બાળકો માટે નવી શૈક્ષણિક સામગ્રીનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

**//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ-જાફરાબાદની કોર્ટમાં//**

જન્મ/મરણ અરજી નં.૧૨૭/૨૦૨૬

અરજદાર:- શ્રી ગોબરભાઈ કરશનભાઈ કાતરીયા
સરનામું:- મું.લોર, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - લોર
મું.લોર, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના લોર ગામના શ્રી ગોબરભાઈ કરશનભાઈ કાતરીયા એ તેમના પુત્રી નામે શ્રી ગીતાબેન ગોબરભાઈ કાતરીયા નો જન્મ તા.૦૪/૦૮/૧૯૬૮ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી ઉમેશભાઈ વી.વરૂ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીના કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૫ માહે.મે સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ:- જાફરાબાદ
તારીખ:- ૦૫/૦૫/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી,
તાલુકા એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
જાફરાબાદ

# રાજકોટમાં ૨૮ જૂને સમસ્ત તળપદા કોળી સમાજનો વેવિશાળ પરિચય સમારંભ

રાજકોટ,તા.૨૫

ગુજરાત અને સૌરાષ્ટ્રના સમસ્ત તળપદા કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા યુવક-યુવતીઓ માટે આગામી તા. ૨૮/૦૬/૨૦૨૬, રવિવારના રોજ રાજકોટમાં જંકશન રેલવે સ્ટેશન સામે આવેલા શ્રી ગુરુ નાનક કોમ્યુનિટી હોલ ખાતે એક ભવ્ય વેવિશાળ પરિચય સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વિશેષ પ્રસંગે કાળાસર જગ્યાના મહંત વાલજી ભગત ઠાકર ધણી ખાસ હાજરી આપીને આશીર્વચન પાઠવશે. આ પરિચય સમારંભમાં ભાગ લેવા ઈચ્છતા સમાજના તમામ ઉચ્ચ શિક્ષિત યુવક-યુવતીઓ તેમજ તેમના વાલીઓને આયોજકોનો સંપર્ક કરવા માટે હાર્દિક વિનંતી કરવામાં આવી છે.

વધુ માહિતી અને રજીસ્ટ્રેશન માટે રસ ધરાવતા પરિવારો પ્રમુખ આરતીબેન ગોહિલ (૯૪૦૯૩ ૧૩૬૧૪) અથવા પરષોત્તમભાઈ મકવાણા (૯૪૨૮૭ ૯૮૬૪૭) સહિતની આયોજક ટીમનો મોબાઈલ દ્વારા સંપર્ક કરી શકે છે.

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૧૨૮/૨૦૨૬

અરજદારશ્રી:- શ્રી દુધીબેન વિઠલભાઈ શિયાળ
સરનામું:- મુ.ખેરા, તા.રાજુલા, જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારી,
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા,
તા.રાજુલા, જી.અમરેલી.

**::નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી દુધીબેન વિઠલભાઈ શિયાળ તેમના પતિ નામે સ્વ.વિઠલભાઈ મોહનભાઈ શિયાળનું મરણ તા.૨૦/૦૪/૨૦૧૦ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એમ.યુ.ઠાકર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૧ માહે.મે સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ:- રાજુલા
તારીખ:- ૧૧/૦૫/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી,
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ-જાફરાબાદની કોર્ટમાં//**

જન્મ/મરણ કેસ નં.૧૪૦/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી બારૈયા કાનાજીભાઈ લખમણભાઈ
સરનામું:- રે.ભાંકોદર, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
- વ -
તલાટી કમ મંત્રીશ્રી-વઢેરા
તા.જાફરાબાદ, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના વઢેરા ગામના શ્રી બારૈયા કાનાભાઈ લખમણભાઈ એ તેમના પુત્રીનામે શ્રી બારૈયા લક્ષ્મી કાનાભાઈ નો તા.૦૭/૧૦/૨૦૦૪ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એમ.જે.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીના કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૨ માહે જુન સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ:- જાફરાબાદ
તારીખ:- ૧૨/૦૬/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી,
તાલુકા એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
જાફરાબાદ

# કર્ણાટકની કાવેરી નદીમાં ફોટોગ્રાફી કરતી વખતે એક જ પરિવારના પાંચ સભ્યોના ડૂબી જવાથી કરૂણ મોત

બેંગ્લરૂ,તા.૨૫




કર્ણાટકના મંડ્યા જિલ્લાના લોકપ્રિય પર્યટન સ્થળ મુથથી નજીક કાવેરી નદીમાં બુધવારે સાંજે એક હૃદયદ્રાવક ઘટના બની હતી. ચન્નાપટનાના બાયદરહલ્લી ગામનો એક પરિવાર મુત્તાથિરય મંદિરના દર્શન કર્યા બાદ નદી કિનારે ગયો હતો. પાણી છીછરું હોવાનું સમજીને પરિવારની ચાર મહિલાઓ હોમગાર્ડ્સની ચેતવણીને અવગણીને ફોટોગ્રાફી કરવા નદીમાં ઉતરી હતી.

આ દરમિયાન વિજયમ્મા નામની મહિલા અચાનક ઊંડા પાણીમાં લપસી ગઈ હતી. તેને બચાવવા જતાં પરિવારના અન્ય સભ્યો પણ નદીના જોરદાર પ્રવાહમાં તણાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં ચાર મહિલાઓ સહિત એક જ પરિવારના પાંચ સભ્યોના ડૂબી જવાથી મોત નીપજ્યાં છે. જ્યારે સ્થાનિક લોકોએ રવિ નામના પુરુષ અને એક ચાર વર્ષના બાળકનો આબાદ બચાવ કર્યો હતો. ફાયર બ્રિગેડની ટીમે પાંચેય મૃતદેહો બહાર કાઢી પીએમ માટે મોકલી આપ્યા છે અને હલાગુરુ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મંદસૌરમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર કાર અને ટ્રક વચ્ચેની ટક્કરમાં ચારનાં મોત

ભોપાલ,તા.૨૫




મધ્યપ્રદેશના મંદસૌર જિલ્લાના સીતામૌ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તિત્રોડ ગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર એક કાળજું કંપાવનારો માર્ગ અકસ્માત સર્જાયો છે. મહારાષ્ટ્રના ઔરંગાબાદથી દિલ્હી જઈ રહેલી એક પૂરપાટ ઝડપે દોડતી કાર પાછળથી ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને તેમાં સવાર છ લોકોમાંથી ચારના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

મૃતકોમાં ઔરંગાબાદના રહેવાસી રવિન્દ્ર કાલે અને સચિન ગજભારેની ઓળખ થઈ ચૂકી છે. અકસ્માત બાદ ટ્રક ચાલક વાહન લઈને ફરાર થઈ ગયો છે.

સ્થાનિક લોકો અને પોલીસની મદદથી ઘાયલોને તાત્કાલિક સીતામૌ કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસ મુજબ કારની વધુ પડતી ઝડપના કારણે ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવતા આ દુર્ઘટના ઘટી હોવાનું મનાય છે.

# એનસીપી ધારાસભ્ય સના મલિક ગૃહમાં મુસ્લિમ પર્સનલ લોનો ઉલ્લેખ કરતા હોબાળો

મુંબઈ,તા.૨૫



એનસીપી (અજિત પવાર જૂથ)ના ધારાસભ્ય સના મલિકે યુસીસી (UCC) અને ટ્રિપલ તલાક અંગે આપેલા નિવેદનથી વિવાદ સર્જાયો છે. સના મલિકે ગૃહમાં મુસ્લિમ પર્સનલ લો, કુરાન અને પાકિસ્તાનનો ઉલ્લેખ કરી ઈસ્લામિક કાયદા તેમજ બહુપત્નીત્વનું સમર્થન કર્યું હતું. આ નિવેદનની ભાજપના નેતા નિતેશ રાણેએ આકરી ટીકા કરતા જણાવ્યું કે, કેન્દ્ર સરકારે ટ્રિપલ તલાક પર નિર્ણય લઈ લીધો છે. બંધારણ અને દેશના કાયદાનું પાલન ન કરનારાઓએ રાજીનામું આપીને પાકિસ્તાન જવું જોઈએ.

# એમેઝોનની મોટી જાહેરાત : ૨૦૨૬ થી ૨૦૩૦ વચ્ચે ભારતમાં વધારાનાં ૪૮ બિલિયન ડોલરનું રોકાણ કરશે

નવી દિલ્હી,તા.૨૫




વિશ્વની અગ્રણી ઈ-કોમર્સ અને આઈટી કંપની એમેઝોનના સીઈઓ એન્ડી જેસીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત બાદ ભારતમાં ૨૦૨૬ થી ૨૦૩૦ વચ્ચે ૪૮ બિલિયન ડોલરનું રોકાણ કરવાની જાહેરાત કરી છે. અગાઉ આ રોકાણ ૩૫ બિલિયન ડોલર આયોજિત હતું, જેમાં હવે ૧૩ બિલિયન ડોલરનો વધારો કરવામાં આવ્યો છે. આ નવી જાહેરાત સાથે ૨૦૧૦ થી ૨૦૩૦ સુધીમાં ભારતમાં એમેઝોનનું કુલ રોકાણ ૮૮ બિલિયન ડોલરને વટાવી જશે.

વધારાનું આ રોકાણ મુખ્યત્વે ક્લાઉડ કમ્પ્યુટિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના વિકાસ માટે અપાશે, જેનાથી મુંબઈ અને હૈદરાબાદમાં એમેઝોન વેબ સર્વિસીસ (AWS) ના ડેટા સેન્ટરનો વિસ્તાર કરાશે. એમેઝોનનો લક્ષ્યાંક ૨૦૩૦ સુધીમાં ભારતમાં પ્રત્યક્ષ અને પરોક્ષ નોકરીઓની સંખ્યા ૩.૮ મિલિયન સુધી પહોંચાડવાનો, ૮૦ બિલિયનની નિકાસ સક્ષમ બનાવવાનો તેમજ ૧૫ મિલિયન નાના વ્યવસાયો અને ૪ મિલિયન સરકારી શાળાના વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો લાભ આપવાનો છે.


# પૂણેના પિંપરી ચિંચવાડમાં ઘરમાંથી ત્રણ મૃતદેહો મળતા ખળભળાટ મચ્યો

પુણે,તા.૨૫

પુણેના પિંપરી ચિંચવાડ સ્થિત તાથવડે વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જીજી ઈન્ટરનેશનલ સ્કૂલ પાછળ આવેલા એક ઘરમાંથી ૩૫ વર્ષીય મહિલા અને તેના બે બાળકોના શંકાસ્પદ મૃતદેહ મળી આવ્યા છે. મૃતકોની ઓળખ કલ્પના બિપિન સૂર્યવંશી (ઉ.વ.૩૫), પુત્રી શુભશ્રી (ઉ.વ. ૧૭) અને પુત્ર દાદુ (ઉ.વ. ૧૦) તરીકે થઈ છે. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, ગંભીર આર્થિક તંગીથી કંટાળીને મહિલાએ આ કઠોર પગલું ભર્યું હોવાની આશંકા છે. તેણે પહેલા બંને બાળકોના ભોજનમાં ઝેર ભેળવ્યું અને ત્યારબાદ પોતે આત્મહત્યા કરી લીધી હોવાનું અનુમાન છે. વાકડ પોલીસે ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે વાયસીએમ હોસ્પિટલમાં મોકલી આપ્યા છે. હાલમાં અકસ્માત મોતનો ગુનો નોંધીને વિસેરા વધુ તપાસ અર્થે સાચવવામાં આવ્યા છે.

# કેન્દ્ર સરકારે હેલ્થ સેક્ટર માટેના નિયમોમાં સુધારો કર્યો


નવી દિલ્હી,તા.૨૫



કેન્દ્ર સરકારે હેલ્થ સેક્ટર માટે મહત્વપૂર્ણ નિર્ણય લઈ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, ૨૦૧૦માં સુધારા અમલમાં મૂક્યા છે. જન વિશ્વાસ અધિનિયમ-૨૦૨૬ હેઠળ કરાયેલા ફેરફારો મુજબ હવે હોસ્પિટલો, નર્સિંગ હોમ અને નાના ક્લિનિકોમાં થતી વહીવટી અથવા દસ્તાવેજી ભૂલોને ગુનાહિત શ્રેણીમાં ગણવામાં નહીં આવે. આવી ભૂલો માટે જેલની સજાને બદલે માત્ર વહીવટી દંડની જોગવાઈ રાખવામાં આવી છે.સરકારે કાયદાની કલમ ૪૦, ૪૧, ૪૩, ૪૪ અને ૪૬માં ફેરફાર કરીને દંડ પ્રક્રિયાને વધુ સરળ અને વ્યવહારુ બનાવી છે. કલમ ૪૦, ૪૩ અને ૪૬માં 'ફાઈન' શબ્દને બદલે 'વહીવટી દંડ' શબ્દનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના કારણે નાની ભૂલો માટે હોસ્પિટલોને કોર્ટના ચક્કર કાપવા નહીં પડે અને કેસોનો નિકાલ વહીવટી સ્તરે જ થઈ શકશે. કલમ ૪૪માં કરાયેલા સુધારા અનુસાર હવે ભૂલની ગંભીરતા આધારે કાર્યવાહી કરવામાં આવશે. નાની અને ગંભીર ભૂલો વચ્ચે સ્પષ્ટ તફાવત રાખીને દંડ નક્કી કરાશે, જેથી માનવીય ભૂલો માટે અતિશય દંડનો ભોગ બનવું ન પડે. નવી વ્યવસ્થા મુજબ કોઈપણ સંસ્થા સામે કાર્યવાહી કરતા પહેલાં તેને પોતાની રજૂઆત કરવાની તક આપવામાં આવશે. સાથે જ નિર્ણય સામે અપીલ કરવાનો કાનૂની અધિકાર પણ યથાવત રહેશે. સ્વાસ્થ્ય મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે દર્દીઓની સુરક્ષા, સારવારની ગુણવત્તા અને મેડિકલ ધોરણો અંગે કોઈપણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહીં.

# બિહાર-બંગાળ સહિત દેશના ૧૪ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી

નવી દિલ્હી,તા.૨૫




દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર સહિતના રાજ્યોથી આગળ વધી રહ્યું છે, જે આગામી બે-ત્રણ દિવસમાં ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ પહોંચશે. હવામાન વિભાગે બિહાર, પશ્ચિમ બંગાળ, ઓડિશા, રાજસ્થાન અને ઝારખંડ સહિત ૧૪ રાજ્યોમાં ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહી કરી છે. આ દરમિયાન કેટલાક વિસ્તારોમાં ૫૦ થી ૭૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે અને વીજળી પડવાની પણ સંભાવના છે.

બીજી તરફ, મુંબઈમાં મુશળધાર વરસાદની શક્યતાને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. દિલ્હી-એનસીઆરમાં વાદળછાયું વાતાવરણ રહેશે અને સાંજે હળવા વરસાદની સંભાવના છે, જ્યાં મહત્તમ તાપમાન ૩૭ થી ૪૦ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેશે. જ્યારે પશ્ચિમ રાજસ્થાનમાં ધૂળની ડમરીઓ ઉડવાની અને તમિલનાડુમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે.

# જમ્મુ-કાશ્મીરના પુલવામામાં ૩.૫ ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ આવતા ફફડાટ

જમ્મુ,તા.૨૫



જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં ૩.૫ ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. લોકો સાવચેતીના ભાગરૂપે ઘરોની બહાર દોડી આવ્યા હતા, જોકે કોઈ જાનમાલનું નુકસાન થયું નથી. ઉલ્લેખનીય છે કે, અગાઉ કિશ્તવાડ અને ડોડા જિલ્લામાં પણ ભૂકંપના આંચકા નોંધાયા હતા.

બીજી તરફ, વેનેઝુએલાના દરિયાકાંઠે ૭.૨ અને ૭.૫ ની તીવ્રતાના બે પ્રચંડ ભૂકંપ આવ્યા હતા. આ જોરદાર આંચકાઓને કારણે રાજધાની કારાકાસ સહિતના વિસ્તારોમાં અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ હતી અને કાટમાળ નીચે લોકો ફસાયા હોવાના અહેવાલ છે. આંતરરાષ્ટ્રીય એરપોર્ટને નુકસાન થતાં ફ્લાઈટ સેવાઓ ખોરવાઈ ગઈ હતી. આ ભૂકંપની અસર ૧,૭૦૦ કિલોમીટર દૂર બ્રાઝિલ સુધી જોવા મળી હતી.

# ડિજિટલ ધરપકડ કૌભાંડ મામલે ૧૬ રાજ્યોમાં ૮૦ સ્થળોએ CBIના દરોડા

નવી દિલ્હી,તા.૨૫

સીબીઆઈએ (CBI) 'ઓપરેશન ચક્ર' હેઠળ દેશભરમાં કાર્યરત સાયબર ક્રાઈમ નેટવર્ક વિરુધ્ધ મોટી કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાત, દિલ્હી અને મહારાષ્ટ્ર સહિત ૧૬ રાજ્યોના ૮૦ થી વધુ સ્થળોએ ૬૦ વિશેષ ટીમો દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરમિયાન શેલ કંપનીઓ સ્થાપી ગેરકાયદેસર બેંક ખાતા ખોલવા બદલ બે મુખ્ય શંકાસ્પદોની ધરપકડ કરાઈ છે, જેઓ છેતરપિંડીના નાણાંનું મની લોન્ડરિંગ કરતા હતા. તપાસમાં બહાર આવ્યું છે કે, કૌભાંડીઓએ સુપ્રીમ કોર્ટ અને અન્ય એજન્સીઓના નકલી ઓર્ડર તેમજ બનાવટી વેબસાઈટ બનાવી દેશ-વિદેશના નાગરિકો સાથે છેતરપિંડી કરી હતી. સીબીઆઈએ દરોડા દરમિયાન અનેક ડિજિટલ ઉપકરણો અને બેંક રેકોર્ડ જપ્ત કરી વધુ તપાસ શરૂ કરી છે.

# છત્તીસગઢની શાળાઓમાં ગાયત્રી મંત્ર અને ભોજન મંત્ર ફરજિયાત કરાતા કોંગ્રેસનો વિરોધ


રાયપુર,તા.૨૫



છત્તીસગઢ સરકારે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી તમામ શાળાઓમાં રાષ્ટ્રગીત, ગાયત્રી મંત્ર, ભોજન મંત્ર અને સરસ્વતી વંદના સહિતની હિન્દુ પ્રાર્થનાઓનો દૈનિક પાઠ ફરજિયાત બનાવ્યો છે. શિક્ષણ વિભાગના આદેશ અનુસાર, સવારની સભા, બપોરના ભોજન અને સાંજના અંતિમ સત્ર દરમિયાન આ પ્રવૃત્તિઓ કરવાની રહેશે. અધિકારીઓએ જણાવ્યું કે, આ પહેલનો હેતુ વિદ્યાર્થીઓમાં દેશભક્તિ, નૈતિક મૂલ્યો અને સાંસ્કૃતિક જાગૃતિ લાવવાનો છે. બીજી તરફ, કોંગ્રેસ પક્ષે આ નિર્ણયનો સખત વિરોધ કર્યો છે. કોંગ્રેસ નેતાઓએ ભાજપ સરકાર પર શાળાઓમાં આરએસએસનો એજન્ડા લાદવાનો આરોપ લગાવ્યો છે અને જણાવ્યું છે કે, આ પગલું બંધારણની ભાવનાની વિરુધ્ધ છે તથા તેનાથી અન્ય ધર્મોના વિદ્યાર્થીઓની લાગણી દુભાઈ શકે છે.

# ઈરાન સાથેની વાટાઘાટોમાં અમેરિકા ખાડી દેશોના હિતોનું રક્ષણ કરશે: માર્કો રુબિયો

વોશિંગ્ટન,તા.૨૫



ઈરાની શાળા પર થયેલા મિસાઈલ હુમલામાં અમેરિકાની ભૂમિકા અંગે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, તે સમયે સમગ્ર વિસ્તારમાં મિસાઈલો છોડવામાં આવી રહી હોવાથી હુમલો કોણે કર્યો તે સ્પષ્ટ નથી. તેમણે આ ઘટનાને અત્યંત દુઃખદ ગણાવી હતી. ઈરાની મીડિયા અનુસાર, આ હુમલામાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોના મોત થયા હતા.

બીજી તરફ, પશ્ચિમ એશિયાના સંઘર્ષના કાયમી ઉકેલ માટે ઈરાન સાથે ચાલી રહેલી વાટાઘાટો વચ્ચે યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો ખાડી (ગલ્ફ) દેશોના પ્રવાસે છે. તેમણે કુવૈત સિટીમાં ખાડી સહયોગી દેશોને આશ્વાસન આપ્યું છે કે વોશિંગ્ટન તેમના હિતોનું સંપૂર્ણ રક્ષણ કરશે. યુધ્ધ દરમિયાન ઈરાને મિસાઈલ-ડ્રોન હુમલા કર્યા હતા અને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરીને તેલ-ગેસ પુરવઠો રોક્યો હતો. ઈરાન આ જળમાર્ગ પર નિયંત્રણ છોડવા તૈયાર નથી અને પ્રાથમિક કરારને અમેરિકાની હાર ગણાવે છે, પરંતુ રુબિયોએ સ્પષ્ટ કર્યું કે અમેરિકા અને ખાડી દેશો આ મુદ્દે એક થઈને કાયમી ઉકેલ શોધશે.

# યુએન સુરક્ષા પરિષદમાં કાશ્મીર મુદ્દો ઉઠાવવા બદલ ભારતે પાકિસ્તાનની ઉગ્ર આલોચના કરી

ન્યૂયોર્ક,તા.૨૫






સંયુક્ત રાષ્ટ્ર (UN) સુરક્ષા પરિષદની અનૌપચારિક "એરિયા-ફોર્મ્યુલા" બેઠક દરમિયાન કાશ્મીરનો રાગ આલાપવા બદલ ભારતે પાકિસ્તાનની આકરી આલોચના કરી છે. યુએનમાં ભારતના કાયમી પ્રતિનિધિ પર્વતાનેની હરીશે પાકિસ્તાની પ્રતિનિધિ અસીમ ઈફ્તિખાર અહેમદ અને બેઠકના સહ-અધ્યક્ષની પક્ષપાતી ટિપ્પણીઓ સામે સખત વાંધો ઉઠાવ્યો હતો. હરીશે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, પાકિસ્તાન આ મહત્વપૂર્ણ મંચનું રાજકીયકરણ કરી રહ્યું છે.

તેમણે ભારતનું વલણ મજબૂતાઈથી રજૂ કરતા પુનરોચ્ચાર કર્યો કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશો સંપૂર્ણપણે ભારતનો આંતરિક મામલો છે, જે હંમેશા દેશનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ રહેશે. આ બેઠકનું આયોજન ચીન અને પાકિસ્તાન દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. ભારતીય રાજદૂતે યુએન ચાર્ટરના પ્રકરણ ૨ અને ૩ નો ઉલ્લેખ કરી આંતરરાષ્ટ્રીય શાંતિ તેમજ સુરક્ષા જાળવવા માટે વિવાદોના યોગ્ય ઉકેલ પર ભાર મૂક્યો હતો.

**બાળક પોતાના દાદા સાથે આંગણી પકડી દૂધ આપવા માટે જતો હતો ત્યારે રસ્તામાં સિંહણે બાળકને ઉપાડી લીધો**

# ખાંભાના ચતુરી ગામે પાંચ વર્ષના બાળકને સિંહણે ફાડી ખાધો

**ગામથી થોડે દૂર લોહીલુહાણ હાલતમાં બાળકનો મૃતદેહ મળી આવતા ગ્રામજનોમાં ભય સાથે અરેરાટી**

અમરેલી,તા.૨૫

ખાંભા તાલુકાના ચતુરી ગામમાં બનેલી એક કરુણ ઘટનાએ સમગ્ર પંથકને શોકમાં ગરકાવ કરી દીધું છે. ગીરના સીમાડે આવેલા આ વિસ્તારમાં વન્ય પ્રાણીઓ અને માનવ વસાહતો વચ્ચેનો સંઘર્ષ દિવસેને દિવસે વધી રહ્યો છે. ગત રાત્રે ચતુરી ગામમાં પાંચ વર્ષના માસુમ બાળકનો સિંહના હુમલામાં દુઃખદ મોત નીપજતા ગામમાં ભય અને ચિંતાનો માહોલ ફેલાયો છે.મળતી માહિતી અનુસાર ચતુરી ગામમાં રહેતો પાંચ વર્ષનો જીયાન દેવકુંભાઈ સીધા પોતાના દાદા સાથે રાત્રિના સમયે દૂધ આપવા માટે જઈ રહ્યો હતો. બાળક દાદાની આંગળી પકડીને ચાલતો હતો ત્યારે અચાનક અંધારામાંથી એક સિંહણે ત્રાટકી હતી. દાદા કાંઈ સમજી શકે તે પહેલા જ સિંહણે બાળક પર હુમલો કરીને તેને ઉઠાવી લીધો હતો અને જંગલ તરફ દોડી ગઈ હતી દાદાની ચીસો સાંભળી આસપાસના લોકો તરત જ દોડી આવ્યા હતા. ઘટનાની જાણ



થતાં જ સમગ્ર ગામમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. ગ્રામજનોએ લાકડીઓ અને ટોર્ચ લઈને બાળકની શોધખોળ શરૂ કરી હતી. કેટલાક યુવાનો સિંહણની પાછળ પણ દોડ્યા હતા અને બાળકને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ભારે પ્રયાસો છતાં બાળકને જીવતો બચાવી શકાયો ન હતો.

ગામથી થોડે દૂર બાળકનો લોહીલુહાણ મૃતદેહ મળી આવતા પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. પરિવારના સભ્યો અને ગ્રામજનોએ આ ઘટનાને લઈને ભારે રોષ વ્યક્ત કર્યો હતો. તેમનું કહેવું છે કે છેલ્લા કેટલાક સમયથી ગામની આસપાસ સિંહોની અવરજવર વધી ગઈ છે છતાં યોગ્ય પગલાં લેવામાં આવ્યા નથી. જેના કારણે લોકોમાં સતત ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ઘટનાની જાણ થતાં જ વન તંત્રની ટીમ સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર વિસ્તારને ઘેરીને શોધ અભિયાન હાથ ધર્યું હતું. વન તંત્ર દ્વારા સિંહોને કાબૂમાં લેવા માટે વિશેષ કામગીરી કરવામાં આવી હતી. લાંબા સમય સુધી ચાલેલી કામગીરી દરમિયાન અનેક સિંહોને પકડી સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. આ દુઃખદ ઘટનાએ ફરી એક વખત માનવ અને વન્ય પ્રાણી વચ્ચે વધતા સંઘર્ષનો ગંભીર પ્રશ્ન ઉભો કર્યો છે.

ગ્રામજનો હવે પોતાના પરિવાર અને બાળકોની સુરક્ષા અંગે ચિંતિત બન્યા છે અને વન તંત્ર પાસેથી કાયમી અને અસરકારક ઉકેલની માંગ ઉઠી રહી છે.

# અંકલેશ્વરમાં રૂા.૨૫ હજાર લેતો લાંચિયો હેડ કોન્સ્ટેબલ ઝડપાયો

ભરૂચ,તા.૨૫

ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં એસીબીની ટીમે સફળ ટ્રેપ ગોઠવીને જીઆઈડીસી પોલીસ સ્ટેશનની ભાડકોદ્રા ચોકીના હેડ કોન્સ્ટેબલ સુનીલભાઈ પરમારને રૂપિયા ૨૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. એક વેપારીનું બેંક એકાઉન્ટ સાયબર ક્રાઈમ વિભાગ દ્વારા ફ્રીઝ કરાયું હતું, જેને અનફ્રીઝ કરાવવાની પ્રક્રિયા આગળ વધારવા માટે આ લાંચ માંગવામાં આવી હતી. ફરિયાદી વેપારી લાંચ આપવા ન માંગતા હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. વડોદરા એસીબીની ટીમે વાલિયા ચોકડી નજીક ચાની દુકાન બહાર ગોઠવેલી ટ્રેપ દરમિયાન આરોપીને લાંચની રકમ સ્વીકારતા દબોચી લીધો હતો. હાલ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# કેન્દ્ર સરકારે ૧૭ રાજ્ય વહીવટી સેવાના અધિકારીઓને IAS કેડરમાં મંજૂરી આપી

અમદાવાદ,તા.૨૫

કેન્દ્ર સરકારે ગુજરાત વહીવટી તંત્રના હિતમાં એક મોટો નિર્ણય લેતાં રાજ્ય વહીવટી સેવાના ૧૭ અધિકારીઓને આઈએએસ કેડરમાં નિયુક્ત કરવાની મંજૂરી આપી દીધી છે. વર્ષ ૨૦૨૫ની પસંદગી યાદીના આધારે પ્રમોશન મેળવનારા આ તમામ અધિકારીઓને ટૂંક સમયમાં જ રાજ્યના વિવિધ વિભાગોમાં નવું પોસ્ટિંગ આપવામાં આવશે. આ યાદીમાં આરએન કુછરા, આરપી પટેલ, સીબી ગણાત્રા, સીએ ગાંધી, બીએન પટેલ, એમકે જોશી, એકે જોશી, કેએસ ઝાલા, વીકે જાદવ, ડીકે પટેલ, બીએચ પટેલ, આઈઆર વાળા, એમડી ચૂડાસમા, બીએસ પ્રજાપતિ, વીજી પટેલ, એકે વસતાણી




અને પીબી રાઠોડનો સમાવેશ થાય છે. સરકારી નોટિફિકેશન મુજબ આ તમામ નિયુક્તિઓ હાલ ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ કેટલીક સ્પેશિયલ સિવિલ એપ્લિકેશનના અંતિમ ચુકાદાને આધીન રહેશે.

હાલમાં આ તમામ અધિકારીઓ પ્રોબેશન પર રહેશે અને તેમની સિનિયોરિટી તેમજ એલોટમેન્ટ વર્ષ નક્કી કરવા માટે રાજ્ય સરકારને જરૂરી દસ્તાવેજો મોકલવા સૂચના અપાઈ છે.

# હરેન પંડ્યા હત્યા કેસમાં અસગર અલીને સજા માફીનો રાજ્ય સરકાર નિર્ણય લે : હાઈકોર્ટ

અમદાવાદ,તા.૨૫

ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી હરેન પંડ્યાની હત્યા કેસના દોષિત મોહમ્મદ અસગર અલીની સજા માફીની અરજી પર ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને કાયદા મુજબ વિચાર કરીને છ મહિનાની અંદર યોગ્ય નિર્ણય લેવાનો મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. જેલમાં ૧૪ વર્ષથી વધુ સમય વિતાવનાર અને સંતોષકારક વર્તન ધરાવતા અસગરે વહેલી મુક્તિ માટે અરજી કરી હતી, પરંતુ લાંબા સમય સુધી નિર્ણય ન લેવાતા તેણે હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. સીબીઆઈ કોર્ટે ૨૦૦૭માં તેને દોષિત ઠેરવ્યો હતો અને ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટે તેની આજીવન કેદની સજા યથાવત રાખી હતી. આ સાથે જ કોર્ટે લશ્કર-એ-તૈયબાના ઓપરેટિવ શાહનવાઝ ભટ્ટીની અરજી પર પણ છ મહિનામાં નિર્ણય લેવા સરકારને સૂચના આપી છે.

# નર્મદા જિલ્લામાં ભારે મેઘતાંડવ: અનેક ગામોમાં વરસાદથી ખેતરોમાં પાણી ભરાયા

નર્મદા,તા.૨૫

ગુજરાતમાં લાંબા સમયની પ્રતીક્ષા પછી દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૬ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે, જેમાં નર્મદા જિલ્લામાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ બતાવ્યું છે. સાગબારામાં સૌથી વધુ ૩.૩૫ ઈંચ વરસાદ નોંધાયો છે, જ્યારે તાપીના કુકરમુંડામાં માત્ર ૧ મિમી વરસાદ



પડ્યો છે. ભારે વરસાદને કારણે ડેડિયાપાડાની તારવ નદીમાં ઘોડાપૂર આવતા ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચેનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાયો છે. નીચાણવાળા ખેતરો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આ વરસાદથી લોકોને ગરમીમાંથી રાહત મળી છે, પરંતુ ડેડિયાપાડાના દાબકા ગામમાં વીજળી પડવાથી એક ભેંસનું મોત થતાં સ્થાનિકોમાં અરેરાટી વ્યાપી ગઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી સમયમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જેવા જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. આગામી ૪૮ કલાકમાં રાજ્યમાં સાર્વત્રિક અને વાવણીલાયક વરસાદ થવાની સંભાવના સેવાઈ રહી છે.

# જાફરાબાદના બાબરકોટ નજીક સિંહનું હડકવાથી મોત, તપાસમાં થયો ખુલાસો

અમરેલી,તા.૨૫

જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામ નજીક ૨૧ જૂને એક સિંહના શંકાસ્પદ મોતની ઘટના સામે આવી હતી. ઘટનાના દિવસે સિંહે અચાનક અસામાન્ય વર્તન શરૂ કર્યું હતું અને રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો પાછળ દોડી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જેના કારણે વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.



માહિતી મળતા જ વનવિભાગની ટીમ અને પશુચિકિત્સકો સ્થળ પર પહોંચ્યા હતા. જોકે સિંહે વનકર્મીઓ તરફ પણ હુમલો કરવાનો પ્રયાસ કરતાં પરિસ્થિતિ ગંભીર બની હતી. વનવિભાગ સિંહનું રેસ્ક્યૂ કરે તે પહેલાં જ તેને બે-ત્રણ વખત જોરદાર આંચકી આવી હતી. ત્યારબાદ થોડા જ સમયમાં તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. સિંહના વર્તનને ધ્યાનમાં રાખીને તેના સેમ્પલ તપાસ માટે સાસણ મોકલવામાં આવ્યા હતા. વનવિભાગની તપાસ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સિંહનું મોત હડકવાથી થયું હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાએ વનવિભાગ અને સ્થાનિક લોકોમાં ચિંતા વધારી છે.

# અમદાવાદમાં ઓનલાઈન સટ્ટાબાજી રેકેટનો પર્દાફાશ, પાંચ રાજસ્થાની ઝડપાયા

અમદાવાદ,તા.૨૫

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ભાડે મકાન રાખીને ચાલતા મોટા ઓનલાઈન સટ્ટા અને સાયબર ફ્રોડના રેકેટને પોલીસે ઝડપી લીધું છે. પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને રાજસ્થાનના પાંચ શખ્સોની ધરપકડ કરી છે, જેમાં મુખ્ય સૂત્રધાર વિશાલ બાલોટિયા



છે. આ ગેંગ પ્રતિબંધિત 'રેડ્ડી અન્ના' એપ પર આઈડી બનાવીને સટ્ટો રમાડતી હતી. પોલીસને સ્થળ પરથી ૪૦ એટીએમ કાર્ડ, ચેકબુક અને ૧૭ ફોન મળી આવ્યા છે. આ કૌભાંડના તાર વિદેશી ગેંગ અને દેશવ્યાપી મ્યુલ એકાઉન્ટ્સ સાથે જોડાયેલા હોવાની શંકા છે.

# હળવદના જુના દેવળીયા ગામે બાઈક ચાલકે ચાર વિદ્યાર્થિનીઓને ફંગોળી, એકનું મોત

મોરબી,તા.૨૫

મોરબીના હળવદ તાલુકાના જૂના દેવળિયા ગામમાં એક ગંભીર હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. શાળાએથી છૂટીને ઘરે પરત ફરી રહેલી નવ વિદ્યાર્થિનીઓમાંથી ચાર બાળકીઓને એક પૂરપાટ ઝડપે આવતા બાઈક ચાલકે જોરદાર ટક્કર મારી હતી. આ કમનસીબ અકસ્માતમાં ૧૧ વર્ષીય વિદ્યાર્થિની રોશની ઠાકોરનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ત્રણ ઈજાગ્રસ્ત બાળકીઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.આ ઘટનાને પગલે સ્થાનિક લોકો અને વાલીઓમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે અકસ્માત થયાના ત્રણ કલાક પછી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

# રાજુલા-ઉના હાઈવે પર ગમખ્વાર અકસ્માતમાં યુવકનું મોત, એક ગંભીર

રાજુલા,તા.૨૫

રાજુલા-ઉના માર્ગ પર આવેલા ભાવનગર–સોમનાથ હાઈવે પર આજે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર પસાર થઈ રહેલી બાઈક અચાનક રસ્તા પર આવેલી ગાય સાથે અથડાતા અકસ્માત થયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક પર સવાર રામભાઈ દિલુભાઈ સોલંકી (ઉ.વ. ૨૫), રહેવાસી રાજુલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે કરણભાઈ હકુભાઈ સોલંકી (ઉ.વ. ૩૦) ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતની જાણ થતાં હાઈવે ૧૧૨ પેટ્રોલિંગ ટીમ અને ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ઈજાગ્રસ્તને પ્રાથમિક સારવાર આપી રાજુલાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતમાં ગાયનું પણ મોત થયું હોવાનું સામે આવ્યું છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.



તસવીર : ગોપાલ રાઠોડ





